દ્વિતીય વર્ષ

# ડી. એલ. એડ્. અભ્યાસક્રમ મૉડ્યૂલ

## કોર્સ – 8
## સર્જનાત્મક નાટકો, લલીતકલાઓ,હસ્તકલાઓ અને મૂલ્યાંકન–2

જીસીઈઆરટી, વિદ્યાભવન, ઉદ્યોગભવન સામે, સેક્ટર–12, ગાંધીનગર

આવૃત્તિ
2020

પ્રેરક
શ્રી બી. સી. સોલંકી
સચિવ, જીસીઈઆરટી, ગાંધીનગર

કન્વીનર
શ્રી શૈલેષ બી. બાવા

વિષય સલાહકાર
કનુ પટેલ
ડૉ. વિજય સેવક

લેખન–સંપાદન
ચંદ્રેશ પાલીઆ
ભરત સેડાલા
બીના દેસાઈ
વિનોદ અઢિયોલ
ભરત અગ્રાવાત
યોગેશ ચૌધરી
દિનેશ પટેલ

નિર્માણ સંયોજન
શ્રી આઈ. વી. પટેલ
(સભ્ય સચિવ)
ડૉ. હરેશભાઇ ચૌધરી
ડૉ. અખિલ ઠાકર
ડૉ. ગૌરાંગ વ્યાસ

## પ્રસ્તાવનાઃ

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં ક્રમશઃ પુનઃરચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃરચનાના ઇતિહાસમાં ડોકિયું કરીએ તો ઈ.સ. 1995માં રાજ્યવ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ ઈ.સ. 1999 અને 2002માં અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) –2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર ઈ.સ. 2008-09માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-2005, RTE-2009 અને NCTE દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઈને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃગઠન ઈ.સ. 2014માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ(Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઈ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજિત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મૉડ્યૂલની સંરચનામાં જીસીઈઆરટી–ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજ્જ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, UNICEF નો પણ આર્થિક તેમજ શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મૉડ્યૂલ ક્ષતિરહિત બને તે માટે જીસીઈઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે. આમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઈઆરટી સદાય આવકારે છે.

સભ્ય સચિવ
ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ
જીસીઈઆરટી, ગાંધીનગર

નિયામક
જીસીઈઆરટી,
ગાંધીનગર

# અનુક્રમણિકા


| એકમ નં. | એકમનું નામ | પાના નંબર |
|---|---|---|
| દૃશ્યકલા | | |
| 1 | ચિત્રકલા | 01 |
| 2 | હસ્તકલા | 17 |
| પ્રદર્શિત કલા | | |
| 3 | નાટ્યકલા | 28 |
| 4 | નૃત્યકલા | 39 |
| 5 | સંગીતકલા | 47 |
| 6 | પરિશિષ્ટ | 55 |
| | સંદર્ભસૂચિ | 61 |

## વિભાગ 1 – લલિતકલાઓ

### હેતુઓ

- પ્રશિક્ષણાર્થીઓ કલા અને હસ્તકલાની સમજ કેળવે, તેના વિવિધ સ્વરૂપોની અગત્યતા સમજે, કલા શિક્ષણના અવકાશ અને હેતુથી પરિચિત થાય તથા શિક્ષણના પાયા તરીકે કલાને જાણે.
- પ્રશિક્ષણાર્થીઓ કલા, પ્રકૃતિ, માનવના અસ્તિત્વમાં રહેલ સંબંધોના સંદર્ભે મહત્વતાનું નિર્માણ કરે.
- કલા શિક્ષણના પ્રવર્તમાન પ્રવાહોની સમીક્ષા કરે અને ફેરફાર માટે કલાની શક્યતાઓનો વિકાસ કરે.
- પ્રશિક્ષણાર્થીઓ રૂઢિગત કલાના સ્વરૂપોને જાણે અને હસ્તકલાના કૌશલ્યો વિકસાવે.
- માનવ સંસ્કૃતિના નિર્માણમાં સંગીતની ભૂમિકા જાણે.
- કલા અને હસ્તકલાના વિવિધ નમૂના બનાવવાનું કૌશલ્ય હસ્તગત કરે.
- પ્રશિક્ષણાર્થીઓ સંગીત અને હલનચલનના માધ્યમથી નાટ્યકલાની વિવિધ કૌશલ્યો રજૂ કરે.

### અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ

- પ્રશિક્ષણાર્થીઓ કલા અને હસ્તકલાની સમજ કેળવશે, તેના વિવિધ સ્વરૂપોની અગત્યતા સમજશે, કલા શિક્ષણના અવકાશ અને હેતુથી પરિચિત થશે અને શિક્ષણના પાયા તરીકે કલાને જાણશે.
- પ્રશિક્ષણાર્થીઓ કલા, પ્રકૃતિ, માનવના અસ્તિત્વમાં રહેલ સંબંધોના સંદર્ભે મહત્વતાનું નિર્માણ કરશે.
- કલા શિક્ષણના પ્રવર્તમાન પ્રવાહોની સમીક્ષા કરશે અને ફેરફાર માટે કલાની શક્યતાઓનો વિકાસ કરશે.
- પ્રશિક્ષણાર્થીઓ રૂઢિગત કલાના સ્વરૂપોને જાણશે અને હસ્તકલાના કૌશલ્યો વિકસાવશે.
- માનવ સંસ્કૃતિના નિર્માણમાં સંગીતની ભૂમિકા જાણશે.
- કલા અને હસ્તકલાના વિવિધ નમૂના બનાવવાનું કૌશલ્ય હસ્તગત કરશે.
- પ્રશિક્ષણાર્થીઓ સંગીત અને હલનચલનના માધ્યમથી નાટ્યકલાના વિવિધ કૌશલ્યો રજૂ કરશે.

### લલિતકલાના માધ્યમથી પ્રશિક્ષણાર્થીઓ જાણશે.

1. **કલા, કલાની કદર અને કલા શિક્ષણ :** હસ્તકલાના પ્રદર્શનો, બાલ ભવન અને આર્ટ ગૅલેરીની મુલાકાત લેવી. નાના જૂથમાં ચર્ચા તથા પ્રદર્શન દ્વારા કલા, હસ્તકલા અને સંગીતના કાર્યક્રમોનું આયોજન કરવું.

2. **દશ્ય કલાઓ :** વિવિધ માધ્યમોની મદદથી કલાકૃતિ બનાવવા માટેની તક આપવી. રંગ, રચના, બંધારણ અને વિષયવસ્તુ પર ધ્યાન આપવું.
3. **સંગીત :** વિવિધ સ્વરૂપના સંગીતનો અનુભવ કરાવવો.
4. **ફિલ્મ અને ઈલેક્ટ્રોનિક માધ્યમો :** વૈકલ્પિક સિનેમાનો પરિચય કરાવવો. પ્રશિક્ષણાર્થી સિનેમાની એક કલા તરીકે કદર કરતો થાય તેવી ફિલ્મો બતાવવી. ફિલ્મ સર્જકો / નિષ્ણાતો સાથે વાર્તાલાપ ગોઠવવો.
5. **સાહિત્યિક કલાઓ :** ભાષા, સાહિત્ય અને નાટક વચ્ચે સંધાન કરવું. પ્રશિક્ષણાર્થીઓ કવિતાઓની કદર કરે તેવી યોજનાઓ ઘડવી. કવિતાઓના આધારે વિષયવસ્તુ નક્કી કરી તેને નાટકમાં પરિવર્તિત કરવું.
6. **સ્થાપત્યો અને વિશિષ્ટ રચનાઓ :** સ્થાપત્યોના વારસા સંદર્ભે સમજ વિકસાવવી. વિદેશી વસાહતો, મોગલ્સ, સુલતાનકાળ અને સ્વાતંત્ર્ય બાદના સમયની વિશિષ્ટ રચનાઓમાં રહેલ સૌંદર્ય સંદર્ભે કદર કરે તેવા પ્રયત્નો કરવા.
7. **શાળાના બાળકો માટે પ્રોજેક્ટની રચના કરવી :** કલા આધારિત પ્રોજેક્ટસ બાળકોને આપવા, તેમાં માર્ગદર્શન આપવું, નિરીક્ષણ કરવું, મૂલ્યાંકન કરવું.

## વિભાગ 2 – સર્જનાત્મક નાટકો

### હેતુઓ

- પ્રશિક્ષણાર્થીઓ પોતાની અંદર રહેલ સર્જનાત્મક ક્ષમતાઓને જાણે.
- પ્રશિક્ષણાર્થીઓ નિરીક્ષણના કેન્દ્ર તરીકે કલાને જાણે. દા.ત. દશ્યકલાઓ : ચિત્રો / ફિલ્મ્સ / નાટક / સંગીત, તેમજ ચિત્ર કેવી રીતે અર્થપૂર્ણ બની શકે અને ચિત્ર કેવી રીતે અભ્યાસની શરૂઆત માટેનું માધ્યમ બની શકે તે જાણે.
- પ્રાથમિક કક્ષાએ નાટક એ શિક્ષણ તરીકેની ભૂમિકા વિશે પ્રશિક્ષણાર્થીઓ જાણે.
- નાટકની મદદથી વર્ગખંડ શિક્ષણને કેવી રીતે અસરકારક બનાવી શકાય તે પ્રશિક્ષણાર્થીઓ જાણે.
- શિક્ષણમાં શિક્ષકની સર્જનાત્મક માર્ગદર્શક તરીકેની ભૂમિકાને પ્રશિક્ષણાર્થીઓ જાણે.

### અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓ

- પ્રશિક્ષણાર્થીઓ પોતાની અંદર રહેલ સર્જનાત્મક ક્ષમતાઓને જાણશે.
- પ્રશિક્ષણાર્થીઓ નિરીક્ષણના કેન્દ્ર તરીકે કલાને જાણશે. દા.ત.દશ્યકલાઓ : ચિત્રો / ફિલ્મ્સ / નાટક / સંગીત, તેમજ ચિત્ર કેવી રીતે અર્થપૂર્ણ બની શકે અને ચિત્ર કેવી રીતે અભ્યાસની શરૂઆત માટેનું માધ્યમ બની શકે તે જાણશે.
- પ્રાથમિક કક્ષાએ નાટક એ શિક્ષણ તરીકેની ભૂમિકા વિશે પ્રશિક્ષણાર્થીઓ જાણશે.

- નાટકની મદદથી વર્ગખંડ શિક્ષણને કેવી રીતે અસરકારક બનાવી શકાય તે પ્રશિક્ષણાર્થીઓ જાણશે.
- પ્રશિક્ષણાર્થીઓ શિક્ષકની સર્જનાત્મક માર્ગદર્શક તરીકેની ભૂમિકાને જાણશે.

**નાટકોના માધ્યમથી પ્રશિક્ષણાર્થીઓ જાણશે.**

1. પ્રશિક્ષણાર્થીઓ જીવન અંગેની સમજ કેળવે અને જીવનના અનુભવોમાંથી શીખે તે માટેના નાટકોનું સર્જન કરવું.
2. લોકો વચ્ચે રહેલા તફાવતોને દૂર કરવા માટેની સમજ વિકસાવવી. જેમ કે, જ્ઞાતિ, વર્ગ, જાતિ, ધર્મ, ઉંમર, સમાજ, વ્યવસાય, જીવનધોરણો વગેરે અને તે કેવી રીતે લોકોની ક્રિયાઓ, નિર્ણયો અને સંબંધોને પ્રભાવિત કરે છે તે જાણવું.
3. પરિસ્થિતિઓ, સામાજિક ઢાંચો અને વિવિધ સમાજોને જોવાનો દ્રષ્ટિકોણ વિકસાવવો.
4. વ્યક્તિ અને સમુદાય વચ્ચેનો સંબંધ જાણવો. પ્રક્રિયાઓ અને સંદર્ભો દૈનિક જીવનની પરિસ્થિતિઓમાં કેવી ભૂમિકા ભજવે છે તેની જાણકારી મેળવવી.
5. પરિવર્તન એ જીવનનો સિદ્ધાંત છે તે નાટક દ્વારા જાણવું.

## ચિત્રકલા

| ક્રમ | વિષય | હેતુઓ | પ્રવૃત્તિઓ | મૂલ્યાંકન | અધ્યયન નિષ્પત્તિઓ |
|---|---|---|---|---|---|
| 1 | રંગનું મહત્વઅને ઉપયોગ | રંગો અને તેનું મહત્વજાણે.<br>રંગ મિશ્રણ કરે.<br>સૈદ્ધાંતિક બાબતો જાણે. | રંગચક્ર બનાવવું | પ્રત્યેક પ્રવૃત્તિનું સતત મૂલ્યાંકન ચાલુ રહે, તાલીમાર્થીએ વર્ષ દરમિયાન કરેલ કાર્ય તથા વિવિધ પ્રવૃત્તિ ધ્યાન લેવી. | રંગો અને તેનું મહત્વ જાણશે.<br>રંગ મિશ્રણ જાણી શકશે.<br>સૈદ્ધાંતિક બાબતો જાણી શકશે. |
| 2 | પર્સપૅક્ટિવ | પર્સપૅક્ટિવનો સિદ્ધાંત જાણશે. | પર્સપૅક્ટિવ સિદ્ધાંત આધારિત ચિત્રો બનાવશે. | | પર્સપૅક્ટિવનો સિદ્ધાંત જાણી શકશે. |
| 3 | કેલિગ્રાફિ | હસ્ત કૌશલ્યનો વિકાસ થશે. | વિવિધ FORM(આકાર)માં કૅલિગ્રાફિ બનાવશે. | | હસ્ત કૌશલ્યનો વિકાસ કરી શકશે. |
| 4 | ભાતચિત્ર | ભાતચિત્રના પ્રકારની માહિતી મેળવશે.<br>ભાતચિત્રના પુનરાંકન તથા વિસ્તરીકરણના સિદ્ધાંતો જાણશે. | અલંકૃત આકારોવાળી ભાતનું સર્જન કરશે.<br>અમૂર્ત આકારોવાળી ભાતનું આકર્ષક રંગોમાં સર્જન કરશે. | | ભાતચિત્રના પ્રકારો વિશે જાણશે.<br>ભાતચિત્રના પુનરાંકન તથા વિસ્તરીકરણના સિદ્ધાંતો જાણશે. |
| 5 | વસ્તુચિત્ર | પર્સપૅક્ટિવના સિદ્ધાંત આધારિત વિવિધ પદાર્થોનું ચિત્ર છાયા–પ્રકાશ સાથે તથા આબેહૂબ રંગમાં સર્જશે.<br>પદાર્થચિત્ર આધારિત ક્રિએટિવ વર્ક બનાવશે. | માનવસર્જિત વસ્તુઓ સામે રાખી પ્રમાણ–માપ જાળવી આબેહૂબ રેખાંકન કરશે.<br>પદાર્થને આધારિત આકર્ષક રંગમાં ક્રિએટિવ વર્ક તૈયાર કરશે. | | પર્સપૅક્ટિવના સિદ્ધાંત આધારિત વિવિધ પદાર્થોનું ચિત્ર છાયા–પ્રકાશ સાથે તથા આબેહૂબ રંગમાં સર્જશે. પદાર્થચિત્ર આધારિત ક્રિએટિવ વર્ક બનાવી શકશે. |
| 6 | પ્રકૃતિચિત્ર | પ્રકૃતિના પદાર્થોનું આબેહૂબ રેખાંકન કરી આકર્ષક રંગોમાં ચિત્ર પૂર્ણ કરશે. | પ્રકૃતિના પદાર્થો બારમાસી, લીમડાનું પાન, જાસૂદનું પાન, ફળ, ફૂલ, શાકભાજીનું રેખાંકન કરી આબેહૂબ ચિત્ર તૈયાર કરશે. | | પ્રકૃતિના પદાર્થોનું આબેહૂબ રેખાંકન કરી આકર્ષક રંગોમાં ચિત્ર પૂર્ણ કરી શકશે. |
| 7 | પ્રચારચિત્ર | પ્રચારચિત્રનું મહત્વસમજે.<br>જનજાગૃતિ માટે પ્રચાર–ચિત્રનું નિર્માણ કરતાં શીખે. | અક્ષરલેખન સાથે પ્રચારચિત્ર બનાવશે. | | પ્રચારચિત્રનું મહત્વસમજી શકશે.<br>જનજાગૃતિ માટે પ્રચારચિત્રનું નિર્માણ કરી શકશે. |

| ક્રમ | વિષય | હેતુઓ | પ્રવૃત્તિઓ | મૂલ્યાંકન | અધ્યયન નિષ્પત્તિઓ |
|---|---|---|---|---|---|
| 8 | ચિત્ર સંયોજન | જીવન પ્રસંગો આધારિત ચિત્ર સંયોજન બનાવતા શીખે. | જીવનપ્રસંગો તથા તહેવારો, ઉત્સવ ઊજવણીનું ચિત્ર સંયોજન બનાવશે. | | જીવનપ્રસંગો આધારિત ચિત્ર સંયોજન શીખી શકશે. |
| 9 | કોલાજ વર્ક | સર્જનાત્મક અને રચનાત્મક શક્તિનો વિકાસ થાય. | રંગીન કાગળો, કાપડના ટુકડા, ફૂલ, પાન જેવી વસ્તુઓનો ઉપયોગ કરી કોલાજ વર્કનું નિર્માણ કરશે. | | સર્જનાત્મક અને રચનાત્મક શક્તિઓનો વિકાસ કરી શકશે. |
| 10 | પ્રોજેક્ટ વર્ક | પાઠ્યપુસ્તક શિક્ષણ બહારના અનુભવો મેળવે.<br>માનસિક વિકાસ થાય. | વિવિધ ચિત્રકારો, શિલ્પ સ્થાપત્યો તથા પ્રાદેશિક કલાઓ આધારિત પ્રોજેક્ટ વર્ક નિર્માણ કરશે. | | પાઠ્યપુસ્તક શિક્ષણ બહારના અનુભવો મેળવી શકશે.<br>માનસિક વિકાસ કરી શકશે. |
| 11 | હસ્તકલા શિક્ષણ | વિવિધ પ્રકારની હસ્તકલાઓનો પરિચય મેળવે. | વર્ગ શિક્ષણ કાર્ય<br>ક્ષેત્રીય મુલાકાત | પ્રત્યેક પ્રવૃત્તિનું સતત મૂલ્યાંકન ચાલુ રહે, પ્રાર્થના–સંમેલન તથા વિવિધ પ્રસંગોની ઉજવણીમાં કરેલ દેખાવ ધ્યાનમાં લેવો. | વિવિધ પ્રકારની હસ્તકલાઓ વિશે જાણકારી મેળવશે. |
| 12 | સી.સી.આર.ટી. પરિચય | સી.સી.આઇ.ટી.નો પરિચય મેળવે. | પ્રોજેક્ટ કાર્ય<br>નૅટ પરથી માહિતી મેળવવી.<br>વર્ગ શિક્ષણ કાર્ય | | સી.સી.આર.ટી.નો પરિચય મેળવે અને તેની તાલીમ અંગે અભિમુખ થશે. |
| 13 | હસ્તકલા મેળો / પ્રદર્શનનું આયોજન | હસ્તકલા મેળા/પ્રદર્શનનું આયોજન કરતાં શીખે. | કલામેળો/પ્રદર્શનનું આયોજન | | હસ્તકલામેળો / પ્રદર્શનનું આયોજન કરતાં શીખે. |
| 14 | હસ્તકલા પ્રોજેક્ટ કાર્ય | સ્થાનિક વિસ્તારની હસ્તકલા વિશે પ્રોજેક્ટ કાર્ય હાથ ધરશે. | પ્રોજેક્ટ કાર્ય<br>જૂથકાર્ય | | હસ્તકલા વિશે વિગતે જાણકારી પ્રાપ્ત કરે. |

| વિભાગ 2 – સર્જનાત્મક નાટકો, લલિતકલાઓ – સંગીત / નૃત્ય (પ્રદર્શિત કલા) | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | હેતુઓ | પ્રવૃત્તિઓ | સિમેસ્ટર– 1 | સિમેસ્ટર– 2 | મૂલ્યાંકન | અધ્યયન નિષ્પત્તિઓ |
| 1 | પ્રશિક્ષણાર્થીઓ પોતાની અંદર રહેલી સર્જનાત્મક ક્ષમતાઓને જાણે. | મૂક અભિનય, આંગિક અભિનય, વાચિક અભિનય, પૂર્ણ અભિનય, પ્રાર્થના, ભજન, ધૂન, અભિનયગીત સ્વરબધ્ધ ગાયન, અલંકારો અને સાદા રાગો તૈયાર કરવા. | હાસ્ય, રૌદ્ર, કરુણ ભાવ, પ્રાણી–પક્ષીઓના હાવભાવ, અભિનય, ગીતો, વાર્તાઓના સંવાદો. | એકમોમાં આવતા પાત્રોને સાંકળીને પ્રવૃત્તિઓ કરાવવી. | પ્રત્યેક પ્રવૃત્તિનું સતત મૂલ્યાંકન ચાલુ રહે, પ્રાર્થના–સંમેલન તથા વિવિધ પ્રસંગોની ઊજવણીમાં કરેલ દેખાવ ધ્યાનમાં લેવો. | પ્રશિક્ષણાર્થીઓ પોતાની અંદર રહેલી સર્જનાત્મક ક્ષમતાઓને જાણશે. |
| 2 | પ્રશિક્ષણાર્થીઓ નિરીક્ષણના કેન્દ્ર તરીકે કલાને જાણે. | પાત્રોની ભજવણી માટે વાસ્તવિક પાત્રોના નિરીક્ષણની તક મળે તેવી પ્રવૃત્તિઓ કરાવવી. અભિનયગીત, ઋતુગીતો, સ્વાગતગીતો, અભ્યાસક્રમના એકમોના પાત્રોની ભજવણી. | પ્રાણી–પક્ષીઓના અભિનય, સમાજના વિવિધ વ્યવસાયકારોનો અભિનય, અભિનયગીતો, ઋતુગીતો, ગરબા, લોકગીતો, સ્વાગતગીતો (એકમો મુજબ) તથા કવિતાગાન | એકમોમાં આવતા પાત્રોને સાંકળીને પ્રવૃત્તિઓ કરાવવી. | | પ્રશિક્ષણાર્થીઓ નિરીક્ષણના કેન્દ્ર તરીકે કલાને જાણશે. |
| 3 | પ્રશિક્ષણાર્થીઓ પ્રાથમિક “નાટક દ્વારા શિક્ષણ”ની ભૂમિકા જાણે. | વિવિધ એકમોનું નાટ્યીકરણ, ભવાઈગીત, શૌર્યગીતો, રાષ્ટ્રગીત, નૃત્યનાટિકા. | વિવિધ એકમોનું નાટ્યીકરણ જેમાં ગીતો અને નૃત્ય સામેલ હોય. | એકમોમાં આવતા પાત્રોને સાંકળીને પ્રવૃત્તિઓ કરાવવી. | | પ્રશિક્ષણાર્થીઓ પ્રાથમિક “નાટક દ્વારા શિક્ષણ”ની ભૂમિકા જાણશે. |
| 4 | પ્રશિક્ષણાર્થીઓ નાટકની મદદથી વર્ગખંડ શિક્ષણને કેવી રીતે અસરકારક બનાવી શકાય તે જાણે. | વિવિધ એકમોનું નાટ્યીકરણ થાય તેમાં વર્ગના દરેક બાળકો ભાગ લઈ પોતે જ સંવાદો અને સ્ક્રિપ્ટ તૈયાર કરે. લોકનૃત્ય તૈયાર કરે. | શીઘ્ર નાટ્યીકરણ, સ્ક્રિપ્ટ તૈયાર કરવી. લોકગીતો પર અભિનય તથા નૃત્ય તૈયાર કરે. | વિવિધ પ્રસંગે રજૂઆત | | પ્રશિક્ષણાર્થીઓ નાટકની મદદથી વર્ગખંડ શિક્ષણને કેવી રીતે અસરકારક બનાવી શકાય તે જાણશે. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 5 | પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણમાં શિક્ષકની સર્જનાત્મક માર્ગદર્શક તરીકેની ભૂમિકાને જાણે. | જુદા જુદા વિષયના એકમોનું નાટ્ય રૂપાંતર કરવા અંગે પ્રયત્નશીલ રહેવું. નાટક તૈયાર કરવા અંગેની પાયાની સમજ મેળવે. સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરે. | નાટ્યરૂપાંતરની કળા જાણવી.<br>સાંસ્કૃતિક કાર્યક્રમ | વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાટ્યકૃતિ, ગીતો અને લોકનૃત્યની રજૂઆત | | શિક્ષણમાં શિક્ષકની સર્જનાત્મક માર્ગદર્શક તરીકેની ભૂમિકાને જાણશે. |
| 6 | પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતના નૃત્યકારો, સંગીતકારો, ગાયકો, નાટ્યકારો અને નાટ્યલેખન અંગે જાણે. | સૈધ્ધાંતિક | શાસ્ત્રીય (અલંકાર, રાગો) તથા લોકસંગીત વિષયક નાટ્યકારો, નાટ્યલેખન સંગીતકારો વિશે જાણકારી | શાસ્ત્રીય તથા લોકનૃત્ય, નૃત્યકારો વિશે જાણકારી | | પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતના નૃત્યકારો, સંગીતકારો, ગાયકો, નાટ્યકારો અને નાટ્યલેખન અંગે જાણશે. |

# 1. ચિત્રકલા

## 1. પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા 2005 (NCF-2005), NCFTE-2009, RTE-2009 અને NCERT દ્વારા તૈયાર થયેલ પોઝિશન પેપરને ધ્યાનમાં રાખીને ડી.એલ.એડ્. માટે ચિત્રકલાનો પ્રથમ અને દ્વિતીય સત્રનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે.

ચિત્રકલા એ વિવિધ કલાઓ પૈકીની બાળકોને મનગમતી કલા ગણી શકાય. બાળકના સર્વાંગી વિકાસ માટે શાલેય શિક્ષણના સંદર્ભમાં તેમને વિધ–વિધ સાક્ષરી વિષયો શીખવવામાં આવે છે. પરતું તે ઉપરાંત બાળકનાં ચૈતન્યને વેગવાન બનાવવા તેમજ તેની રસિકતાને અનુરૂપ ચિત્રકલાનું જ્ઞાન આપવું એ પણ એટલું જ આવશ્યક છે.

ચિત્રકલાની અનેકવિધ પ્રવૃત્તિઓ બાળકના ચિત્તકોષને અનુકૂળ એવી સૃષ્ટિનું નિર્માણ કરે છે. બાળમનોજગતને ઉત્પ્રેરક એવું કક્ષાનુરૂપ ચિત્રકલાનું જ્ઞાન તેના વ્યક્તિત્વનાં વિકાસને નવી દિશા આપે છે. ચિત્રકલા દ્વારા બાળકમાં સુષુપ્ત શક્તિઓનું પ્રકટીકરણ થાય છે તેમજ તેની અભિવ્યક્તિનું કૌશલ્ય ખીલે છે તથા પ્રાથમિક કક્ષાના સંદર્ભે તેનાં વલણોમાં વિકાસ થાય છે. આમ, બાળકમાં સર્જનાત્મક વિચારસરણીના બીજ રોપાય છે.

ચિત્રકલાના શિક્ષણથી બાળકને ચિત્રકાર કે કલાકાર બનાવવાની વાત નથી. પણ બાળકમાં રહેલી શક્તિઓ અને કૌશલ્યનું પ્રગટીકરણ થાય અને તેને નવસર્જનનો આનંદ મળે તે મુખ્ય બાબત છે. ચિત્રકલાનું સમગ્ર વિષયવસ્તુ બાળકમાં વિવિધ કેળવણીનાં રંગો પૂરે છે. તેના વ્યક્તિત્વમાં નવો નિખાર લાવે છે. ચિત્રકલા, રંગ, સુશોભન, હસ્તકલા જેવા વિધ–વિધ અંગો બાળકનાં સર્વાંગી વિકાસના પગથિયાં છે.

## 2. હેતુઓ

### સામાન્ય હેતુઓ

- સર્જનાત્મક તથા સૌંદર્ય ભાવનાનો વિકાસ થાય.
- હસ્ત કૌશલ્યના વિકાસ સાથે સર્જનનો આનંદ માણે.
- એકાગ્રતા, આત્મવિશ્વાસ વધે.
- સુષુપ્ત શક્તિઓની ખિલવણી થાય.

### વિશિષ્ટ હેતુઓ

- ચિત્રકલાનાં મૂળતત્વો  વિશે જાણકારી મેળવશે.

- રંગો, તેની અભિવ્યક્તિ અને રંગ મિશ્રણથી માહિતગાર થાય.
- ભાતચિત્ર વિશે જાણે અને તેનું સર્જન કરતા થાય.
- પ્રકૃતિચિત્ર અને પદાર્થચિત્ર વચ્ચેનો ભેદ જાણે તથા તેનું પ્રાયોગિક કાર્ય કરતા થાય.
- પ્રોજેક્ટ કાર્ય દ્વારા ખ્યાતનામ ચિત્રકારો વિશે માહિતી મેળવશે.
- પ્રોજેક્ટ કાર્ય દ્વારા ગુજરાત અને ભારતનાં શિલ્પ સ્થાપત્યો વિશે જાણશે.
- પ્રોજેક્ટ કાર્ય દ્વારા પ્રાદેશિક કલા વિશે જાણશે અને તેનું મહત્વસમજશે.

**3. રંગોનું મહત્વઅને ઉપયોગ**

ચિત્રકલાનાં મૂળતત્વો (1) રેખા (2) આકાર (3) રંગ અને (4) છાયા–પ્રકાશ વિશેની સામાન્ય માહિતી આપણે અગાઉનાં વર્ષમાં મેળવી છે. ચિત્રકલામાં રંગ એ ખૂબ જ અગત્યનું તત્વછે, કારણ કે તે ચિત્રમાં પ્રાણ પૂરવાનું કાર્ય કરે છે. તો આવો આપણે રંગો વિશે વધુ માહિતી મેળવીએ.

**પ્રથમ શ્રેણીના રંગો** **(1)** લાલ (**2)** પીળો (3**)** વાદળી

આ રંગો અન્ય કોઈ રંગોના મિશ્રણથી નથી બનતા. વળી તે શુદ્ધ અને તેજસ્વી છે.

**દ્વિતીય શ્રેણીના રંગો** (1) કેસરી (2) લીલો (3) જાંબલી

આ રંગો પ્રથમ શ્રેણીના રંગોના મિશ્રણથી બને છે. પ્રમાણમાં તે ઓછા તેજસ્વી છે.

**રંગ મિશ્રણ**

લાલ + પીળો = કેસરી

પીળો + વાદળી = લીલો

લાલ + વાદળી = જાંબલી

**તૃતીય શ્રેણીના રંગો** (1) ચટણી (2) પથ્થરીયો (3) બદામી

આ રંગો દ્વિતીય શ્રેણીના રંગોના મિશ્રણથી બને છે. પ્રમાણમાં તે અશુદ્ધ અને ભૂખરા હોય છે.

**રંગ મિશ્રણ**

કેસરી + લીલો = ચટણી

લીલો + જાંબલી = પથ્થરીયો

કેસરી + જાંબલી = બદામી

**ગરમ રંગો (ઉષ્ણ રંગો)** દરેક રંગને પોતાની સ્વતંત્ર ભાવશક્તિ હોય છે. જેમાં કેટલાક રંગોને જોતાંની સાથે આંખમાં ગરમી કે ઉષ્ણતા ઉત્પન્ન થાય છે. આવા રંગોને ઉષ્ણ કે ગરમ રંગો તરીકે ઓળખવામાં આવે છે.

લાલ, પીળો, કેસરી એ ગરમ રંગો છે. આ રંગોનાં વધુપડતા મિશ્રણવાળા રંગો પણ ગરમ રંગ તરીકે ઓળખાય છે.

**ઠંડા રંગો (શીતળ રંગો)** વાદળી, લીલો અને જાંબલી એ ઠંડા–શીત રંગો તરીકે ઓળખાય છે, કારણ કે આ રંગોને જોતાં આંખને ઠંડક (શીતળતા) મળે છે. આ રંગોનાં મિશ્રણથી બનતા રંગોને ઠંડા રંગો કહેવામાં આવે છે.

**સજાતીય રંગો** રંગચક્રમાં આવતા પાસ–પાસેના રંગોને સજાતીય રંગો કહેવામાં આવે છે. આ રંગ–પદ્ધતિમાં તેજસ્વી અને શાંત એમ બંને પ્રકારના રંગોનો સમન્વય થાય છે.

**વિજાતીય રંગો (પૂરક– વિરોધી રંગ)** રંગચક્રમાં એકબીજાની સામ–સામે આવતા રંગોને એકબીજાનાં વિરોધી રંગો કહેવામાં આવે છે. આ પ્રકારની રંગ–પદ્ધતિ વ્યાવસાયિક કલા, સામયિકો, પોસ્ટર, જાહેરખબરો વગેરેમાં થાય છે.


વિરોધી રંગો : લાલ–લીલો, પીળો–જાંબલી, વાદળી–કેસરી

**પારદર્શક રંગો** પારદર્શક રંગોમાં પાણીનું પ્રમાણ વધારે હોય છે. ચિત્રની પૃષ્ઠભૂમિ (Back Ground) સંપૂર્ણ રીતે ઢંકાઈ જતી નથી પણ રંગમાં પૃષ્ઠભૂમિની મદદ મળે છે. પારદર્શક રંગો એક વખત કાગળ ઉપર મૂક્યા પછી બદલી શકાતા નથી. તેને બદલવા જતાં મૂળ પારદર્શકતા નાશ પામે છે. દા.ત. વૉટર કલર

**અપારદર્શક રંગો** અપારદર્શક રંગોના ઉપયોગથી ચિત્રમાં ઘનતા કે કદનો આભાસ ઊભો થાય છે. કોઈ પણ સપાટી ઉપર રંગ લગાવ્યા પછી સપાટી ઢંકાઈ જાય તેવા રંગોને અપારદર્શક રંગો કહેવાય છે. આ રંગો સપાટી ઉપર લગાવ્યા પછી બદલી શકાય છે. દા.ત. પોસ્ટર કલર, ઓઇલ કલર વગેરે..




## 4. પર્સપેક્ટિવ (યથાદર્શન)







ચિત્ર–1 અને ચિત્ર–2નું અવલોકન કરતાં જણાશે કેદશ્યસપાટીથી નજીકની વસ્તુ મોટી કે પહોળી દેખાય છે, તે જ રીતે વસ્તુ દૂર જતાં નાની કે સાંકડી થતી જતી હોય તેવું જણાય છે. પરંતુ વાસ્તવિક સ્થિતિમાં એવું નથી હોતું. પર્સપેક્ટિવ (યથાદર્શન) એટલે ØÄ્ટિબિંદુ, View point કે

સંકોચન એવો અર્થ થાય છે. જે પદાર્થચિત્ર દોરવા માટે અતિ ઉપયોગી એવો સિદ્ધાંત છે. જેમાં સમઘન કે લંબઘન આકારનું ચિત્ર દોરતાં પાછળની બાજુઓનું સંકોચન થતું હોય તેમ જણાય છે.

નીચે આપેલ ચિત્રનું અવલોકન કરો :







## 5. ચિત્રકલાના પ્રકાર

### 5.1 કેલિગ્રાફિ

કેલિગ્રાફિ એ ચિત્રકલા શીખવા તથા શીખવવા માટે પાયાની બાબત છે. વિવિધ પ્રકારની રેખાઓનાં આરોહ–અવરોહમાં રેખાંકનનો મહાવરો કરાવી હસ્ત કૌશલ્ય વિકસાવી શકાય છે. જેનાં દ્વારા મરોડદાર રેખાંકન કરી ચિત્ર બનાવી શકાય છે.





આમ, વિવિધ પ્રકારનાં આકારમાં વૈવિધ્યસભર ટેક્ષ્ચર દ્વારા કેલિગ્રાફિ કરાવી શકાય.

## 5.2 ભાતચિત્ર (પુનરાંકન અને વિસ્તરણ)

અગાઉનાં વર્ષમાં આપણે જોઈ ગયા કે ભાતચિત્રનાં ચાર પ્રકાર છે: (1) ભૌમિતિક આકારોવાળી ભાત (2) કુદરતી આકારોવાળી ભાત (3) અલંકૃત આકારોવાળી ભાત અને (4) અમૂર્ત આકારોવાળી ભાત.


જે પૈકી અહીં આપણે (1) અલંકૃત આકારોવાળી ભાત અને (2) અમૂર્ત આકારોવાળી ભાત શીખીશું.

### અલંકૃત આકારોવાળી ભાત

**પ્રાયોગિક કાર્ય :**

8'' × 10''નાં લંબચોરસમાં વૃક્ષ, નદી, પર્વત, પક્ષી, માછલી, સૂર્ય, પથ્થર, વાદળ જેવા પાત્રોને અલંકૃત રીતે રજૂ કરી આકર્ષક રંગોમાં ચિત્ર પૂર્ણ કરો.


**અલંકૃત આકારોવાળી ભાત**



### અમૂર્ત આકારોવાળી ભાત (અનિયમિત આકારોવાળી ભાત)

**પ્રાયોગિક કાર્ય** :

10'' × 10''નાં સમચોરસમાં નીચે આકૃતિમાં બતાવ્યા પ્રમાણે અનિયમિત રેખાઓનાં ઓવરલેપિંગ દ્વારા ચિત્ર બનાવવું. જેમાં તમામ આકારો એકબીજાથી જુદા પડે તે રીતે લાઇટ કલર(વિવિધ કલર)નો માસ ભરી તેની ઉપર અલગ–અલગ રંગીન કલરની પેન દ્વારા ટેક્ષ્ચર આપી ચિત્ર પૂરું કરો.




## 1. પુનરાંકન

પુનરાંકન એ ભાતચિત્રનો અતિ મહત્વનો સિદ્ધાંત છે. કોઈ પણ એક કે વધારે આકારો કે રંગને નિયમિત રીતે ક્રમશઃ વારંવાર વાપરવો તેને પુનરાંકન કહે છે.


### 1.1 સાદુ પુનરાંકન

એક આકારને એક કરતા વધુ વખત ટ્રેસિંગ પેપરની મદદથી પાસ–પાસે ગોઠવીને તૈયાર કરવામાં આવતી ભાતને સાદુ પુનરાંકન કહેવામાં આવે છે.




### 1.2 બેવડું પુનરાંકન

એક જ આકારને ટ્રેસિંગ પેપરની મદદથી બે વખત પુનરાંકન કરી તૈયાર કવામાં આવતી ભાતને બેવડું પુનરાંકન કહેવામાં આવે છે.




## 1.3 ત્રેવડું પુનરાંકન

એક જ આકારને ટ્રેસિંગ પેપરની મદદથી ત્રણ વખત પુનરાંકન કરીને તૈયાર કરવામાં આવતી ભાતને ત્રેવડું પુનરાંકન કહે છે.




## 1.4 ઊલટ–સૂલટ પુનરાંકન

એક જ આકારને ટ્રેસિંગ પેપરની મદદથી એક વખત સીધો અને બીજી વખત ઊંધો ગોઠવીને તૈયાર કરવામાં આવતી ભાતને ઊલટ–સૂલટ પુનરાંકન કહેવામાં આવે છે.




## 1.5 વૈકલ્પિક પુનરાંકન

આ ભાત માટે બે જુદા જુદા આકાર નક્કી કરેલા હોય છે. જે ટ્રેસિંગ પેપરની મદદથી પહેલા એક આકાર પછી બીજો આકાર વળી પાછો પહેલો આકાર અને બીજો આકાર ગોઠવવો. આ પ્રકારની ભાતને વૈકલ્પિક પુનરાંકન કહેવામાં આવે છે.



## 1.6 સર્વવ્યાપી પુનરાંકન

આ ભાત માટે નક્કી કરેલ આકાર એક કે વધારે આકારને ચારે તરફ સમગ્ર જગ્યા પર એકસરખું વિભાજન કરી ટ્રેસિંગ પેપરની મદદથી ગોઠવવાથી સર્વવ્યાપી પુનરાંકન થાય છે.




## 2. વિસ્તરણ

વિસ્તરણ એટલે નિયત રેખા, રંગ કે આકારનું એક દિશા કે ચારે દિશામાં ફેલાઈ જવું. પ્રકાશતા સૂર્યના કિરણો, સૂરજમુખીનું ફૂલ, વેલ કે વૃક્ષની ડાળીઓ, હાથની આંગળીઓ, પંખીઓની પાંખ વગેરેમાં વિસ્તરણનાં સિદ્ધાંતો સમાયેલા છે. વિસ્તરણના ચાર પ્રકાર પડે છે.


### 2.1 કેન્દ્રમાંથી વિસ્તરણ

કોઈ એક જ મધ્યબિંદુમાંથી કેન્દ્રની આજુબાજુ આકારો, રેખા કે રંગો વિસ્તરેલા હોય તેવી ગોઠવણીને કેન્દ્રમાંથી વિસ્તરણ કહેવામાં આવે છે. દા.ત. પ્રકાશતો સૂર્ય, સૂરજમુખીનું ફૂલ, ચક્રના આરા, હીરાનું તેજ વગેરે.




### 2.2 બિંદુમાંથી વિસ્તરણ

કોઈ એક જ બિંદુમાંથી આકાર, રેખા કે રંગ એક દિશા તરફ વિસ્તરતા હોય તો તેને બિંદુમાંથી વિસ્તરણ કહે છે. દા.ત. ઘડિયાળની સ્પ્રિંગ, કેળાની લૂમ, પાંદડાંનો ગુચ્છ, ફુવારો વગેરે.




## 2.3 પાયામાંથી વિસ્તરણ

કોઈ એક પાયાનાં બિંદુઓમાંથી રેખાઓ, આકારો કે રંગો ફૂટી નીકળતાં હોય તેને પાયામાંથી વિસ્તરણ કહેવામાં આવે છે. દા.ત. ટૂથબ્રશ, જમીન પર ઊગેલું ઘાસ, કાંસકો વગેરે.



## 2.4 ધરીમાંથી વિસ્તરણ

કોઈ એક ધરીરૂપ રેખામાંથી આકારો, રેખા કે રંગો વિસ્તરતા હોય તો તેને ધરીમાંથી વિસ્તરણ કહે છે. દા.ત. પક્ષીનું પીંછું, પાંદડાંની નસો, ટી.વી. એન્ટેના વગેરે.



સંદર્ભ : ચિત્રકલા પા. પુ. ધોરણ–9, ગુ.રા.શા.પા.પુ. મંડળ, પેજ નં. 11 થી 14

## 5.3 વસ્તુચિત્ર (પદાર્થચિત્ર)


પર્સપૅક્ટિવનાં સિદ્ધાંત સાથે દોરેલા પદાર્થનું આબેહૂબ અને પ્રમાણમાપ સાથેના પદાર્થચિત્રનું આલેખન ખૂબ જ ઝીણવટપૂર્વકનું અવલોકન માગી લે છે. યોગ્ય રેખાંકન બાદ પદાર્થની ઘનતા અને ઊંડાઈ દર્શાવવા લાઇટ ઍન્ડ શેડ(છાયા–પ્રકાશ)નું આલેખન ખૂબ જરૂરી છે. જે પ્રથમ અસાઇનમેન્ટ પેન્સિલ શેડિંગમાં અને દ્વિતીય અસાઇનમેન્ટમાં કોઈ પણ કલરનાં માધ્યમમાં આબેહૂબ ચિત્ર બનાવી પૂર્ણ કરવું. (પદાર્થચિત્ર પૂર્ણ થયા બાદ તેનું ક્રિએટિવ વર્ક પણ બનાવવું.)


## 5.4 પ્રકૃતિચિત્ર

નેચર(પ્રકૃતિચિત્ર)ની રચનાનો ઉદ્દેશ્ય પ્રકૃતિમાં રહેલા આકર્ષક, મનમોહક આકારો–ત_વો જેવાં કે ફૂલ, ફળ, ઝાડ, વેલ, પાનના ઉપયોગ વડે સુંદરદશ્યબનાવવાનો છે. આમ છતાં ફૂલ–પાન વગેરેની કલ્પના સાથે રંગોની કલ્પના પણ અનુભવને આધારે આવશે એ હકીકત છે.

વિવિધ પ્રકારનાં પાંદડાં, ફળ, ફૂલ, ઝાડની ડાળી વગેરે સામે ગોઠવીને ચિત્ર દોરવા પ્રયત્ન કરવો જોઈએ. આમ નિરીક્ષણ કરતાં જણાશે કે, "કુદરત એ મહાન કલાકાર છે." દરેક આકારો એકબીજા કરતાં જુદા પડે છે. તેનું બારીક અવલોકન કરી ચિત્રસર્જન કરે. દા.ત. બારમાસી, લીમડાનું પાન, કરેણ વગેરે.








### 5.5 પ્રચારચિત્ર

પ્રચારચિત્રમાં અક્ષરલેખનની સાથે સાથે લોકસંદેશ આપતું રેખાચિત્ર પણ દર્શાવવાનું રહે છે. જેના ઉદાહરણ સ્વરૂપે નીચે આપેલ ચિત્ર જુઓ :




- પાણી બચાવો
- વીજળી બચાવો
- ગતિશીલ ગુજરાત
- રક્તદાન, મહાદાન
- મહિલા સશક્તિકરણ
- બેટી બચાવો
- એઇડ્સ જાગૃતિ અભિયાન
- દીકરો–દીકરી એક સમાન
- કન્યા કેળવણી

### 5.6 ચિત્ર સંયોજન

ચિત્ર સંયોજન એટલે ખાસ કરીને માનવજીવનના પ્રસંગો કે પ્રવૃત્તિઓનાં ચિત્રો. જેમાં પાત્રોની યોગ્ય અને સુંદર ગોઠવણી (સંયોજન) કરી વિષયને અનુરૂપ રંગો પૂરીને ચિત્ર તૈયાર કરવાનું હોય છે. અહીં ચિત્ર સંયોજનનો એક નમૂનો આપેલ છે, તે જોઈ ચિત્ર સર્જન કરવાની સમજ કેળવાશે. અહીં કેટલાક વિષયો આપેલાં છે, તે પૈકી ચિત્રો દોરાવવા.



- પૂજા કરવા જતી સ્ત્રી
- ગોવાળ
- ગરબા રમતા સ્ત્રી અને પુરુષ
- ઉત્સવ / તહેવારની ઊજવણીનું ચિત્ર
- પતંગ ચગાવતા છોકરા / છોકરી

## 6. કોલાજ વર્ક

મૅગેઝિન, ન્યૂઝપેપર કે રંગીન કાગળો, કાપડનાં ટુકડા, ફૂલ–પાન તથા પ્રકૃતિનાં અન્ય પદાર્થોને કાગળ પર ચોંટાડી ø૨ય–ચિત્ર કે સર્જનાત્મક રચના તૈયાર કરવામાં આવે તેને કોલાજ વર્ક કહેવામાં આવે છે.

અહીં વિદ્યાર્થીઓની સર્જનાત્મક અને રચનાત્મક શક્તિ ખીલવવાની તકો રહેલી હોઈ અધ્યાપક માત્ર માર્ગદર્શકની ભૂમિકામાં રહી વિદ્યાર્થી ચિત્રનું સર્જન જાતે કરે તેવો આગ્રહ રાખવો.



## 7. પ્રોજેક્ટ વર્ક

પ્રોજેક્ટ વર્ક તાલીમાર્થીઓ માટે માનસિક વિકાસ કરવા માટે મહત્વનું સોપાન છે. જેમાં તાલીમાર્થીઓ આપેલા વિષયો આધારિત શોધ–ખોળ કરે, ગ્રંથાલય, સંદર્ભ સાહિત્ય, કમ્પ્યૂટર, ઇન્ટરનેટના ઉપયોગ દ્વારા વિષય અનુરૂપ ચાર્ટ–ચિત્ર, માહિતી એકત્રિત કરે. સમગ્ર માહિતીનું સંકલન કર્યા બાદ માર્ગદર્શક અધ્યાપકનાં સલાહ–સૂચનો અને જરૂરી સુધારા–વધારાનાં અંતે આકર્ષક રીતે ચાર્ટ, સાહિત્ય, મૉડલ, પ્રેઝન્ટેન્શન જેવાં સ્વરૂપમાં પ્રોજેક્ટ કાર્ય પૂરો કરી વર્ષના અંતે અધ્યાપક પાસે જમા કરાવશે.

માર્ગદર્શક અધ્યાપક યોગ્ય આયોજન કરી વિદ્યાર્થીઓને વ્યક્તિગત કે જૂથમાં આ પ્રોજેક્ટ કાર્ય સોંપી શકે છે.

## 7.1 ચિત્રકારો

### 7.1.1 ગુજરાતના ચિત્રકારો

| | | | |
|---|---|---|---|
| રવિશંકર રાવળ | રસિકલાલ પરીખ | નટુભાઈ પરીખ | સોમાલાલ શાહ |
| તૈયબ મહેતા | પીરાજી સાગરા | શ્યાવક્ષ ચાવડા | બંસીલાલ વર્મા (ચકોર) |
| જશુભાઈ નાયક | હકુભાઈ શાહ | | |

### 7.1.2 ભારતના ચિત્રકારો

| | | | |
|---|---|---|---|
| રાજારવિ વર્મા | અવનીન્દ્રનાથ ટાગોર | અમૃતા શેરગીલ | દેવીપ્રસાદરાય ચૌધરી |
| એન.એસ. બેન્દ્રે | એમ. એફ. હુસેન | નંદલાલ બોઝ | જૈમિની રૉય |
| જગન્નાથ અહિવાસી | રવિશંકર રાવળ | શ્રીમતી અંજલીઈલા મેનન | |

### 7.1.3 વિદેશના ચિત્રકારો

| | | | |
|---|---|---|---|
| લીયોનાર્દો–દ–વિન્ચી | રફાયેલ | માઇકલ ઍન્જેલો | પાબલો પિકાસો |
| વિન્સેટ વાનગોધ | પોલસેઝા | હેન્રી માતિસ | પોલ ગોગાં |

## 7.2 શિલ્પ સ્થાપત્યો

7.2.1 ગુજરાતના શિલ્પ સ્થાપત્યો

1. સીદી સૈયદની ઝાળી
2. મોઢેરાનું સૂર્યમંદિર
3. અડાલજની વાવ
4. સિદ્ધપુરનો રુદ્રમહાલય
5. કિર્તીતોરણ
6. ઝૂલતા મિનારા
7. સરખેજના રોજા
8. રાણકીવાવ
9. હઠીસિંહના દહેરા
10. રાણી સિપ્રિની મસ્જિદ

7.2.2 ભારતના શિલ્પ સ્થાપત્યો

1. અજંતા
2. ઈલોરા
3. તાજમહલ
4. કુતુબમિનાર
5. એલિફન્ટા
6. સાંચીનો સ્તૂપ
7. કોનાર્ક
8. મહાબલીપુરમ્

## 7.3 પ્રાદેશિક કલાઓ

7.3.1 વારલી ચિત્ર

7.3.2 પીઠોરા ચિત્ર

7.3.3 ચાકડા, ટોડલિયા

# 2. હસ્તકલા

## 1. પ્રસ્તાવના

લલિતકલાઓના માધ્યમ તરીકે આપણી પારંપરિક લોકકથાઓને આપણે નજર અંદાજ કરી શકીએ તેમ નથી. તે પૈકીની હસ્તકલા એ ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ છે.

આપણા લોકજીવન સાથે વણાયેલી વિવિધ હસ્તકલાઓ પણ આપણી જીવનરીતિનો એક ભાગ જ છે. સતત જીવાતા પ્રાદેશિક – ધાર્મિક – સામાજિક તથા સામુદાયિક જીવન સાથે કોઈને કોઈ હસ્તકલા જોડાયેલી હોય છે. લોકજીવનમાં કલા એ હસ્તાંતરણ પામીને શીખવાની પ્રક્રિયા છે. તેનું પરિચયાત્મક શિક્ષણ એક શિક્ષક તરીકેના ઘડતરમાં મહત્વનું બની રહેશે.

## 2. હસ્તકલા શિક્ષણ અંતર્ગત વિવિધ કલાઓ

આપણી આસપાસ જોવા મળતી તમામ વસ્તુઓ સાથે કોઈને કોઈ કલા જોડાયેલી હોય છે.

આપણા ઘરમાં જોવા મળતી મોટાભાગની વસ્તુઓ કારખાનાઓમાં બનેલી હોય છે. પરંતુ હસ્તકલા દ્વારા નિર્માણ થયેલ વસ્તુઓ આપણને ગમે છે અને સૌનું ધ્યાન પણ તેના તરફ ખેંચાય છે. તેનું કારણ તેનામાં રહેલી કલા છે.

ગુજરાત અને ભારતભરમાં વિકાસ પામેલ હસ્તકલાની ટૂંકી વિગતો આ અભ્યાસ મૉડ્યૂલમાં સમાવવાનો પ્રયાસ થયેલ છે. જેનો અભ્યાસ કરવાથી પ્રશિક્ષણાર્થીઓના શિક્ષણ વ્યવહારના અનુભવોમાં બળ પૂરું પાડશે અને તેના વ્યક્તિગત જીવનવ્યવહારમાં પણ ઉપયોગી બનશે.

આ ઉપરાંત પ્રશિક્ષણાર્થી અભ્યાસક્રમ દરમિયાન ઈન્ટર્નશિપ કાર્યક્રમમાં સ્થાનિક હસ્તકલા વિશે પ્રોજેક્ટ કાર્ય હાથ ધરીને વિગતે અભ્યાસ કરી શકશે.

### 2.1 માટીકામ (Clay Work)

#### 2.1.1 માટીકામની પ્રક્રિયા

**- હાથ બનાવટ**

ચીકણી માટીને કૂટી, ચાળીને, પલાળીને તેને ભીની કરી તેનો પિંડ બનાવવામાં આવે છે. પછી હાથની આંગળીઓથી આકાર આપવામાં આવે છે. જેના નિર્માણકાર્યમાં સ્વતંત્રતા હોય છે.

**- સુશોભન**

માટીકામમાં બનાવેલ પાત્રોની ઉપરની સપાટીને કદ–આકાર પ્રમાણે સ્થાનિક કલાનો ઉપયોગ કરી સુશોભિત કરવામાં આવે છે.

– **રંગરોગાન**

માટીના પાત્રોને નિભાડા–ભઠ્ઠીમાં તપાવ્યા પછી કુદરતી પ્રવાહી રંગો વડે રંગરોગાન કરવામાં આવે છે.



2.1.2 ટેરાકોટાની બનાવટ

માટીના પાત્રો બનાવ્યા પછી સૂકવીને છાણાં અને લાકડા સળગાવીને 70° થી 140° સેન્ટિગ્રેડ તાપમાને પકવવામાં આવે છે. ગરમીની તીવ્રતાને આધારે માટીના પાત્રો કાળાં કે ભૂરા–લાલ રંગના બને છે. ગરમી આપવાથી ટેરાકોટા વધારે મજબૂત અને ટકાઉ બને છે. 5000 વર્ષ પહેલાં હડપ્પન સંસ્કૃતિમાં મળી આવેલા નમૂના એ ટેરાકોટાના ઉત્તમ નમૂના હતા.


**માટીકામ ક્યાં ક્યાં જોવા મળે છે?**

- મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, તમિલનાડુ, પશ્ચિમી બંગાળ અને ગુજરાત (ભિલોડા–કચ્છ)
- ગ્રામ ટેનોલૉજી સંસ્થાન, ગાંધીનગર (ગુજરાત) દ્વારા ભિલોડામાં માટીકામનું કેન્દ્ર આવેલ છે.

### 2.1.3 માટીકામ પ્રવૃત્તિ

સાધનો : માટી, ચાળણી, પાણી

રીત :



- રમકડાં / નમૂના બનાવી શકાય તેવી ચીકણી ખેતરની માટી
- માટીને કૂટીને કાંકરી, પથ્થરો દૂર કરીને ચાળણી વડે ચાળીને ઝીણી માટી તૈયાર કરવી.
- ચાળેલી ઝીણી માટીમાં જરૂર પૂરતું પાણી ઉમેરીને જરૂર મુજબનાં પિંડ તૈયાર કરવા.
- માટીમાંથી શાકભાજી, ફળ, વાહન, રમકડાં વગેરે બનાવવા.

## 2.2 કાગળકામ

11મી સદીમાં મુસ્લિમ વ્યવસાયકારો ભારતમાં કાગળકામની કલા લાવ્યા.

- કાગળને કાપીને બનાવાતાં રમકડાં

- કાગળને વાળીને વિવિધ પ્રકારે કાપ મૂકીને રમકડાં બનાવવામાં આવે છે. દા.ત. ઓરીગામી
- કાગળમાંથી રમકડાં બનાવવા માટે કાગળમાંથી માવો બનાવવાની રીત
- નકામા કાગળો / જૂના વર્તમાનપત્રોના ટુકડા કરી પાણીમાં દસથી પંદર દિવસ પલાળી રાખવા.
- કાગળ સડી ગયા પછી તેમાં જરૂરી પ્રમાણમાં મેથીનો પાઉડર ઉમેરવો.
- મેથી તથા કાગળોનો માવો મિશ્ર થયા પછી વધારાનું પાણી–ભેજ કાઢી નાખી કાગળનો માવો બનાવી રમકડાં બનાવી શકાય.





## 2.3 પથ્થરકામ

ભારતના વિવિધ વિસ્તારોમાં અલગ–અલગ પ્રકારના પથ્થરો મળી આવે છે. જેવા કે ગ્રેનાઇટ, ચૂનો, અગ્નિકૃત ખડકો, રેતાળ પાલ તથા પીળા રંગના પથ્થરો.

પથ્થર કોતરકામ

નિયત માપને આધારે એકાગ્રતાપૂર્વક અને ધીરજપૂર્વક કોતરણી કરવાની પ્રક્રિયા એટલે પથ્થર ઉપરનું કોતરકામ.

કોતરકામ ક્યાં ક્યાં થાય છે?

- મધ્ય પ્રદેશ : ભીમબેટકા તથા ભેડાઘાટ
- મહારાષ્ટ્ર : અજંતા–ઈલોરાની ગુફાઓ
- આગ્રા : તાજમહેલ (16થી 17મી સદી)
- રાજસ્થાન : જાતીકામ – જયપુર



- ગુજરાત : સિદી સૈયદની જાળી – અમદાવાદ (16મી સદી)
- કર્ણાટક : દેવદેવીઓની મૂર્તિ
- તમિલનાડુ : મહાબલીપુરમ્ (પથ્થર કોતરણીકામની તાલીમ આપતું તાલીમ કેન્દ્ર)
- ઉત્તર પ્રદેશ : વાસણોમાં જોવા મળતી કોતરણી
- ઓરિસ્સા : પૂરી અને મંગલપુર



## 2.4 ધાતુકામ (Metal Work)

ગુપ્તકાલીન સિક્કા, મ્હોરાં તથા ફૂંકવાદ્યો ધાતુકલાના ઉત્તમ નમૂના છે. પ્રાચીન સમયમાં તાંબા–પિત્તળથી માંડીને આજે લોખંડ–સ્ટીલની ધાતુ ઉપર ધાતુકામ કરવામાં આવે છે.

મોહેન્જો દડોમાં આજથી 2500 વર્ષ પહેલાં મળી આવેલા પંચધાતુ (સોનું, ચાંદી, તાંબુ, પિત્તળ અને સીસુ) માંથી બનાવેલ બીબાઢાળ મૂર્તિઓ ધાતુકામના ઉત્તમ નમૂના છે. આજે ફક્ત પિત્તળ, તાંબુ અને સીસામાંથી મૂર્તિઓ બનાવવામાં આવે છે.

**ભારતમાં ધાતુકામ ક્યાં ક્યાં થાય છે?**

- તમિલનાડુ : ચોલા બ્રોન્ઝ
- હિમાચલ પ્રદેશ : ધાર્મિક વિધિ માટે
- ઉત્તર પ્રદેશ – લખનઉ : હુક્કા ઉપરની કોતરણી
- કેરાલા – ઉરૂલી : રસોઈ માટેનું પાત્ર
- રાજસ્થાન – જયપુર
- આંધ્ર પ્રદેશ અને પંજાબ





## 2.5 બ્લૉક પ્રિન્ટીંગ (બીબા દ્વારા છાપકામ)

પશ્ચિમ ભારત તથા મધ્ય ભારતમાં આ કલા જોવા મળે છે.

- બ્લૉક પ્રિન્ટીંગ કેવી રીતે?
- જરૂરિયાત મુજબ બીબામાં કોતરણી કરવી.
- બ્લૉકને વિવિધ રંગોમાં બોળી કાપડ ઉપર છાપકામ કરવું.
- ડિઝાઇનની તરાહ મુજબ ક્રમશઃ બીબુ (બ્લૉક) બદલીને રંગો લગાવી શકાય.
- બીબા (બ્લૉક પ્રિન્ટીંગ) દ્વારા ભાત પાડવાની કલા આ સ્થળોએ જોવા મળે છે.
- રાજસ્થાન : સાંગનર
- ઉત્તર પ્રદેશ : ફારૂમાબાદ
- ગુજરાત : કચ્છ







## 2.6 કુદરતી રેસા

જીવનજરૂરી વાસણો, સાધનો, હાથ પંખા અને ટોપલા કુદરતી રેસામાંથી બનાવવામાં આવે છે.

રેસા એટલે .. ..

- વનસ્પતિમાં રહેલા સેન્દ્રિય પદાર્થ કે છોડનો ભાગ.
- મૂળ, થડ કે પ્રકાંડમાંથી કાઢવામાં આવતો સેન્દ્રિય પદાર્થ કે છોડનો ભાગ.
- છોડના વિવિધ ભાગોમાંથી મળતા કુદરતી રેસા.

**મૂળ**

ખસની ટટ્ટી, ક્યાંથી મળી આવે છે?

મલયાલમ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પંજાબ, કેરાલા, કર્ણાટક, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશ

**થડ**

મૂંઝઘાસ, કોરા, કાથીમાંથી ટોપલા તથા સાદડી બનાવવામાં આવે છે.

ક્યાંથી મળી આવે છે?

મણિપુર, ઇમ્ફાલની જળપ્લાવિત ખીણો, તમિલનાડુ – કોરા (દક્ષિણના જિલ્લાઓ), પશ્ચિમ બંગાળ – મિડનપુર જિલ્લો – કાથી બનાવટ, ઉત્તર પ્રદેશ / બિહાર – મૂંઝ તથા સિક્કી ઘાસ

**વાંસ**

વાંસ જૈવિક રીતે નાશ પામે તેવું ટકાઉ અને આર્થિક રીતે પોષણક્ષમ હોય છે.

**નેતર**

નેતરમાંથી બનાવેલ સાધનો મજબૂત, લૌચિક અને પોષણક્ષમ હોય છે. નેતરકામ અરુણાચલ પ્રદેશમાં જોવા મળે છે.


**ફળો**

નાળિયેરીના છોતરામાંથી વણાટ કરીને દોરડાં બનાવીને તેની સાદડી બનાવવામાં આવે છે. કેરાલા રાજ્યમાં આ કલા જોવા મળે છે.

**પાંદડા**

તાડીના પર્ણોમાંથી સાદડી, કન્ટેનર, ખોખા તથા ઘર ઉપરનું છાજ બનાવવામાં આવે છે. આ કલા કેરાલામાં જોવા મળે છે.





## 2.7 મિનાકારી

જણસકામનું બીજુ સ્વરૂપ એટલે મિનાકારી.

ભારતમાં મિનાકારી ઉત્તર ભારતનાં–જયપુર દિલ્હી, લખનઉ અને વારાણસીમાં જોવા મળે છે.

મિનાકારી કરવાની રીત

- કદ, આકાર મુજબ માપ લેવામાં આવે છે.
- જરૂરિયાત મુજબ કાપા પાડવામાં આવે છે.
- કાપા કરેલા ભાગમાં લાખ ફીટ કરી ફૂલ, અક્ષરો, પાંદડીઓની ડિઝાઇન કરવામાં આવે છે.
- સાદી માટીમાં તપાવ્યા પછી ડિઝાઇન કરીને ફરી તપાવવામાં આવે છે.
- આકારો ઉપર ઢોળ ચડાવવામાં આવે છે.
- ચામડું કે બરછટ વસ્તુ વડે ઘસીને સાફ કરવામાં આવે છે.







## 2.8 જણસકામ (Jwellery Work)

પુરાતન કામમાં બીજ, લોખંડ, માટી તથા કાચમાંથી જણસ–ઘરેણાં બનાવવામાં આવતાં હતા.

શરીરના વિવિધ ભાગો જેવા કે, મસ્તક, કપાળ, નાક, ગરદન, આંગળીઓ, કાંડુ, હાથ, કેડ, પાની વગેરે અંગો પર ઘરેણાં પહેરવામાં આવે છે.

ભારતમાં જણસ – ઘરેણાં કામ

કાશ્મીર : કાનની વાળીઓ (મુસ્લિમ બહેનો પહેરે છે.)

પંજાબ : ચોંક, માથાના ઉપરના ભાગે પહેરવામાં આવે છે.

હિમાચલ પ્રદેશ : કૂલુ, કિન્નર જિલ્લો, હોશિયારપુરમાં નેંકલેસ

આંધ્ર પ્રદેશ : કીર્તિમુખા અને કડલાં

આસામ : ચાંદીના કડાં

ઓરિસ્સા : કટક માથાના ભાગે ઘરેણાં પહેરવામાં આવે છે.

તમિલનાડુ : વેલ્લાર – કોઇમ્બતુર જિલ્લો

## 2.9 ભીંતચિત્ર (Wall Painting)

ગ્રામ્યજીવન અને કૃષિ–પશુપાલન વ્યવસાય આધારિત સમુદાયોના જીવન સાથે જોડાયેલી આ કલા છે. લોકજીવનની પૌરાણિક માન્યતાઓ આ કલાના માધ્યમથી પ્રદર્શિત કરવામાં આવે છે.

મોટાભાગે જમીન, પ્રાણીઓના સ્વાસ્થ્ય અને જતન માટે, સામુદાયિક જીવનમાં લગ્ન પછી નવા બનાવેલા ઘરોની દીવાલો ઉપર ચિત્રકામ કરવામાં આવે છે.


ભીંતચિત્ર ક્યાં ક્યાં જોવા મળે છે?

રાજસ્થાન : ચિત્તોડગઢ

મહારાષ્ટ્ર : થાણે જિલ્લાની વારલી શૈલી

તમિલનાડુ : તાંજુવર

બિહાર : મધુબની તથા મિથિલા શૈલી





## 2.10 ચિત્રકલા / ચિત્રકામ

દરેક બાળકને આ કલા ખૂબ જ ગમે છે.

**ચિત્રકલામાં શું હોય?**

ડિઝાઈન – છાપ, અર્થબોધ

વૈચારિક – તા_વક આધારશીલા

કુદરતી આવિષ્કારો

સુશોભન આવિષ્કારો

ઉત્સવ–ઊજવણી વગેરેને પ્રદર્શિત કરવા માટે ચિત્રકલાનો ઉપયોગ કરવામાં આવે છે.

ચિત્રકલા શું છે?

ફલક–અવકાશ–જગ્યા જ્યાં ચિત્રકામ થાય છે.

રંગોની મેળવણી, ગોઠવણ અને તેનો ઉપયોગ

સપાટી સરખી કરવા ગુંદરનો ઉપયોગ

ફલક ઉપર રંગકામ કરવાના સાધનો ચિત્રકલા ક્યાં ક્યાં જોવા મળે છે?

કલમકારી – આંધ્ર પ્રદેશ. કલમકારી એટલે કે પેન/કલમ વડે થતું ચિત્રકામ, વાંસમાંથી બનાવેલ પેન દ્વારા રંગકામ કરવામાં આવે છે.

## 2.11 વણાટકામ

### 2.11.1 વણાટકામ કેવી રીતે કરવામાં આવે છે?

સોનેરી–રૂપેરી તાર, કપાસ, સિલ્ક અને ઊન તમામના તાર ભેગા કરીને વણાટકામ કરવામાં આવે છે.

### 2.11.2 વણાટકામને સુશોભન કરવાની કલા

છાપકામ, તારકામ, હસ્ત ચિત્રકલા, હાથથી પ્રિન્ટ કરવાની કલા, બાંધણીકામ, ગૂંથણકામ, ભરતકામ

### 2.11.3 ભરતકામ ક્યાં ક્યાં જોવા મળે છે?

કાશ્મીર : દો–રૂમા શાલ

ગુજરાત : રબારી, આહિર, મોચી, જત, ભરત

પંજાબ : ફૂલકારી ભરત

બંગાળ : કથા

ઓરિસ્સા : નૃત્ય કરતા હાથી, પોપટની ડિઝાઈન

આંધ્ર પ્રદેશ : લાંબણી, લંબાડા તથા વણઝારા જાતિ દ્વારા થતું ભરતકામ

રાજસ્થાન :


**2.11.4 ભરતકામ પ્રવૃત્તિ**

સાધનો : કાપડનો ટુકડો, સોય, સુતરાઉ રંગીન દોરા

રીત :

- સુતરાઉ કાપડનો સફેદ ચોરસ ટુકડો લેવો.
- ટુકડા ઉપર ફૂલ–પાંદડીની ડિઝાઇન દોરો.
- કાપડના ટુકડા ઉપર દોરેલ  ડિઝાઈન ઉપર સોય–દોરાની મદદ વડે રંગબેરંગી દોરાના ટાંકા લઈને ભરતકામ કરો.





**સ્વાધ્યાય કાર્ય :** આપના વિસ્તારમાં હસ્તકલાના પ્રચલિત નમૂના મેળવીને તે કેવી રીતે નિર્માણ થઈ શકે તેની નોંધ તૈયાર કરો. નોંધને આધારે નમૂનો તૈયાર કરો.

**3. સાંસ્કૃતિક સંસાધન અને તાલીમ કેન્દ્ર, (સી.સી.આર.ટી.)નો પરિચય**

સી.સી.આર.ટી. દ્વારા આયોજિત તાલીમ કાર્યક્રમો

ઓપવર્ગો

કાર્યશિબિર

સી.સી.આર.ટી. દ્વારા આયોજિત તાલીમ કાર્યક્રમોના વિષયો

શિક્ષણમાં પૂતળીકલાની ભૂમિકા

સમાજ–ઉપયોગી ઉત્પાદક કાર્ય/કાર્યાનુભવ

કુદરતી અને સાંસ્કૃતિક વારસાના જતનમાં શાળાની ભૂમિકા

આપણી સાંસ્કૃતિક વિરાસત અને વૈવિધ્ય

સી.સી.આર.ટી.ના તાલીમ કેન્દ્રો :

આંધ્ર પ્રદેશ : હૈદરાબાદ

રાજસ્થાન : ઉદયપુર

આસામ : ગૌહાટી

દિલ્હી : ન્યૂ દિલ્હી

## 4. હસ્તકલા મેળા / પ્રદર્શનનું આયોજન

- પ્રશિક્ષણાર્થી અભ્યાસક્રમ દરમિયાન પોતાની સંસ્થામાં / શાળામાં પ્રયોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ પ્રકારની હસ્તકલાનો વિનિયોગ કરીને સમગ્ર કાર્યક્રમને નિખાર આપી શકે.
- પ્રશિક્ષણાર્થી પોતાની શિક્ષણ સંસ્થા / શાળામાં હસ્તકલાના નમૂનાઓનું પ્રદર્શન કરી શકે.
- પ્રશિક્ષણાર્થી સ્થાનિક હસ્તકલાના પ્રદર્શનોની મુલાકાત લઈ શકે. જેમ કે, ગ્રામ ટેક્નોલૉજી સંસ્થાન–ગાંધીનગર અને હસ્તકલા નિગમ–ગાંધીનગર તથા હસ્તકલા પ્રદર્શન ન્યૂ દિલ્હીમાં આયોજિત પ્રદર્શનોની મુલાકાત
- સી.સી.આર.ટી. દિલ્હી દ્વારા આપવામાં આવતા હસ્તકલા અંગેના સાહિત્ય અને સામગ્રીનો અભ્યાસ હાથ ધરી શકે. પ્રદર્શન આયોજિત કરી શકે.

## 5. હસ્તકલા અંતર્ગત પ્રોજેક્ટ કાર્ય

તાલીમાર્થીઓએ અભ્યાસક્રમ દરમિયાન ઇન્ટર્નશિપ કાર્યક્રમમાં નીચે આપેલા મુદ્દાઓ આધારિત પ્રોજેક્ટ કાર્ય કરવું :

- સ્થાનિક વિસ્તારની કોઈ પણ હસ્તકલા પસંદ કરવી.
- પરંપરા અને તેનો ઉદ્ભવ
- સૌન્દર્યાત્મક અને તાા_વક આધારશીલા
- કલાના વિકાસ માટે ઉપયોગી સાધન–સામગ્રી, પ્રક્રિયા અને ટેક્નોલૉજી
- સામાજિક પરિપ્રેક્ષ્યમાં કલા સાથેનો સંબંધ
- અર્થ વ્યવસ્થા અને બજાર

## 6. સારાંશ

હસ્તકલા શિક્ષણના ડી.એલ.એડ્. દ્વિતીય વર્ષના અભ્યાસ મૉડયૂલમાં કુલ છ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ભારતમાં પ્રચલિત હસ્તકલાઓનો પરિચય, સી.સી.આર.ટી.નો પરિચય, હસ્તકલા મેળા પ્રદર્શનનું આયોજન કેવી રીતે થઈ શકશે તેની ટૂંકી વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત હસ્તકલાની પ્રવૃત્તિઓ પણ આમેજ કરવામાં આવી છે. જે પ્રશિક્ષણાર્થીઓને ખૂબ જ ઉપયોગી નીવડશે.

# 3. નાટ્યકલા (રંગમંચ)

## 1. પ્રસ્તાવના

શિક્ષણ એ વિદ્યાર્થીઓના વિકાસનું પ્રથમ પગથિયું છે. તેથી વિશ્વની પ્રગતિ સાથે સૂર મેળવવા શિક્ષણ ક્ષેત્રે પરિવર્તન થાય તે આજના સમયની માંગ છે. આજનો સમય ટેક્નોલૉજીનો છે. તેથી શિક્ષણમાં તેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ બાળકો માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ રહે તે પણ અગત્યની વાત છે. માટે બાળકોને બધી જ કલાઓ દ્વારા માનસિક રીતે સ્વસ્થ રાખી શકાય તે માટે શિક્ષણમાં કલાઓનો ઉપયોગ કરી શિક્ષણમાં રસ ઉત્પન્ન કરવામાં આવે તો બાળકો માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ રહે. વિદ્યાર્થી શાળાનાં બંધિયાર વાતાવરણને લીધે શાળાને સ્વીકારી શકતો નથી. તેને આનંદમય પ્રવૃત્તિઓના માધ્યમથી શીખવીએ તો ચોક્કસ બાળકનું શાળા અને શિક્ષણ પ્રત્યેનું આકર્ષણ ટકી રહે.

આજના ટેક્નોલૉજીના જમાનામાં નાટક બહુ લોકપ્રિય નથી. પરંતુ શિક્ષણને રસપ્રદ બનાવવા માટે શિક્ષકો નાટકનો નવસંસ્કરિત ઉપયોગ કરે તે અર્થે ડી.એલ.એડ્.ના તાલીમાર્થીઓમાં  નાટ્ય વિશે જ્ઞાન હોવું જરૂરી છે. નાટક શીખવવામાં આવે તો બે ફાયદા છે : વિદ્યાર્થી રસપૂર્વક નાટક નિહાળી લાંબા ગાળાનું જ્ઞાન પ્રાપ્ત કરે અને નાટ્યકલાથી પણ વાકેફ થાય.

## 2. નાટ્યકલાના હેતુઓ

- તાલીમાર્થીઓ શિક્ષણમાં નાટકની જરૂરિયાત અને મહત્વને સમજે.
- તાલીમાર્થીઓ નાટક દ્વારા શિક્ષણ રસપ્રદ બને છે તે અંગેની માહિતી મેળવે.
- તાલીમાર્થીઓ નાટકના ઇતિહાસ અંગેની માહિતી મેળવે.
- નાટક દ્વારા એકાગ્રતા કેળવાય છે.
- નાટક દ્વારા ભાષાનું જ્ઞાન વધે છે.
- નાટક દ્વારા આત્મવિશ્વાસ વધે છે.
- નાટક દ્વારા નિરીક્ષણશક્તિનો વિકાસ થાય છે.
- નાટક દ્વારા કલ્પનાશક્તિનો વિકાસ થાય છે.
- નાટક દ્વારા સર્જનશક્તિ વિકસે છે.
- નાટક દ્વારા સહકારની ભાવના કેળવાય છે.
- નાટક દ્વારા સમૂહભાવનાનો વિકાસ થાય છે.

- નાટક દ્વારા સર્વાંગી વિકાસ થાય છે.

પ્રશિક્ષણાર્થીઓ નાટક દ્વારા શિક્ષણ આપશે તો વિષયવસ્તુ લાંબા ગાળા સુધી યાદ રહેશે. આ માટે પ્રશિક્ષણાર્થી વિષયવસ્તુને બરાબર સમજીને, મુદ્દાઓ અલગ તારવી તેમાં કેવા પ્રકારનું નાટક તૈયાર કરી શકાય તે નક્કી કરી સ્ક્રીપ્ટ તૈયાર કરશે. જેથી નાટક દ્વારા અપાયેલી એકમની સમજ ખૂબ જ અસરકારક નીવડશે. ઓછી મહેનતે અને ઉત્સાહથી બાળકો ભાર વગરનું ભણતર મેળવશે.

## 3. નાટકનો ઈતિહાસ

### 3.1 ગુજરાતમાં નાટકનો ઈતિહાસ

નાટ્ય અને નાટ્યમંચ પ્રણાલીમાં જૂની ગણાયેલી રંગભૂમિના અસ્તિત્વના સિત્તેર વર્ષો પછી 1920માં નવી રંગભૂમિના શ્રી ગણેશ થયા.

મુંબઈ ગુજરાતી મંડળીની કૉલેજ કન્યા નાટકમાં સ્ત્રીચિત્રણ સામેના શિક્ષિતોના વિરોધના પરિણામે જે નાટક લખાયા તથા ભજવાયા એમાં ચંદ્રવદન મહેતા અને ક. મા. મુનશીનો મોટો ફાળો હતો. ચંદ્રવદન મહેતાએ ફ્રાન્સના નાટકના અંગ્રેજી અનુવાદ ડમ્બ વાઈફનું મૂંગી સ્ત્રી નામે રૂપાંતર કરીને ભજવ્યું. ત્યાર પછી આવ્યા અખો, આગગાડી, પ્રેમનું મોતી વગેરે. તો મુનશીએ પુરંદર પરાજય, અવિભક્ત આત્મા અને તપણ જેવા પૌરાણિક વસ્તુ ધરાવતા અભિનેય નાટકો લખ્યા. 1929માં ''આપ્તમંડળ દ્વાર'' અને ''કાકાની શશી'' ભજવાયું. જેમાં પ્રથમવાર ફ્લૅટ સિટીંગનો ઉપયોગ થયો. જ્યોતિન્દ્ર દવે, ધનસુખલાલ મહેતા, વીણ દંપતિ વગેરેએ એમાં અભિનય કર્યો. સદીના ચોથા દાયકામાં મુનશીનું કોઈને કોઈ નાટક મુંબઈ, અમદાવાદમાં અચૂક ભજવાતું. એમના સામાજિક નાટકો એટલા પ્રિય થઈ પડ્યા હતા. બીજી બાજુ ચંદ્રવદન મહેતા પણ નાટ્યરસિકો અને સાહિત્યકારોની મંડળી રચીને નાટકો ભજવતા.

આ દરમ્યાન અમદાવાદમાં રંગમંડળની સ્થાપના થઈ. ગુજરાત વિદ્યાસભા દ્વારા રંગભૂમિ પરિષદનું આયોજન થયું અને રસિકભાઈ પરીખ, જયશંકર સુંદરી અને જશવંત ઠાકર દ્વારા સક્રિય નાટ્ય તાલીમનો આરંભ થયો.

આ ગાળામાં નોંધપાત્ર મંડળીઓમાં અમદાવાદની જવનિકા, વડોદરાની કલાકેન્દ્ર, સુરતની કલાક્ષેત્ર વગેરે ગણાય છે.

નાટ્યનો ત્રીજો તબક્કો 1940થી 1960 વચ્ચેનો દિગ્દર્શક કેન્દ્રી પ્રવૃત્તિનો કંડારાય છે. નાટ્યકાર રસિકલાલ પરીખ સહિતની નટમંડળી તે નટમંડળમાં જયશંકર સુંદરી, દીના પાઠક, જશવંત ઠાકર, ધનંજય ઠાકર જેવા નટો – દિગ્દર્શકો હતા. તેમણે નાટ્ય વિદ્યામંદિરમાં નાટ્યની તાલીમ આપવી શરૂ કરી.

સુરતમાં કલાક્ષેત્ર અને કલાનિકેતન સક્રિય નાટ્ય મંડળીઓ હતી. મુંબઈમાં નવા નાટ્યના

વાયુમંડળમાં દામુભાઈ ઝવેરીની આગેવાની હેઠળ મનસુખ જોશી, ગૌતમ જોશી, નારણ મિસ્ત્રી, ચંદ્રવદન ભટ્ટની મંડળીએ 'આઇ.એન.ટી.'ની સ્થાપના કરી. આ દિગ્દર્શક કેન્દ્રી તબક્કા દરમ્યાન વડોદરામાં વિશ્વવિદ્યાલય ક્ષેત્રે નાટ્ય તાલીમ આરંભાઈ. એમાં ચંદ્રવદન મહેતા અને જશવંત ઠાકરે સુકાન સંભાળ્યું. દેશની એ કક્ષાની પ્રથમ નાટ્ય તાલીમ સંસ્થા હતી.

### 3.2 ભારતમાં નાટકનો ઈતિહાસ

ભારતમાં રંગભૂમિનો ઈતિહાસ રસિક છે એટલો દુખદ પણ છે. સંસ્કૃત નાટકો ત્યારે ક્યાં ભજવાતા એ માટે રાજાના મહેલ એવી અટકળો કરવામાં આવે છે. તો દક્ષિણ ભારતમાં દેવમંદિરના મંડપમાં ભજવાતા એવી નક્કર સાબિતીઓ પણ મળે છે. આ બધી પ્રવૃત્તિઓ ઈ. સ.ની બીજી સદીથી પાંચમી સદી સુધી ચાલી. 1800 સુધીમાં તો રંગભૂમિ નષ્ટપ્રાયઃ થઈ ગઈ. લોકનાટક, નૃત્યના સાપ ગયા અને લિસોટા માત્ર રહ્યા તેવી દુર્દશા થઈ.

અઢારમી સદીમાં પ્રકાશના કિરણો કંઈક પૂર્વમાં એટલે કે બંગાળમાં ઝળક્યા. દક્ષિણમાં દેવસ્થાનોમાં ત્યાનું સંગીત અને નૃત્ય તેમજ પ્રાચીન નાટકની શૈલી સચવાયેલા રહ્યા. ગુજરાતમાં વડનગર એટલે કે ઉત્તર ગુજરાતથી મુંબઈ સુધી એમાં સુરત–મુંબઈના પારસીઓ દ્વારા અંગ્રેજી હકૂમત હેઠળની અસર નીચે અને તળગુજરાતી, કેટલીક સૌરાષ્ટ્રની તેમજ કેટલીક ઉત્તર ગુજરાતની કોમો દ્વારા આ કલાની જાણકારી કોમોને લઈને 1850ની આસપાસ એક અવિસ્મરણીય નાટક કલાને પુર્નજીવિત કરવાની સંગીન પ્રવૃત્તિ શરૂ થઈ. મહારાષ્ટ્રમાં સાંગલીમાં મરાઠી ભાષામાં નાટ્યપ્રવૃત્તિ શરૂ થઈ.

બંગાળ મોખરે હતું. મુંબઈ – ગુજરાતના પારસીઓએ ગુજરાતી, મરાઠી, મુસ્લિમ નટોના સહકારથી પોતાની ત્રણ–ચાર નાટક મંડળીઓ સ્થાપી. નાટક કરવા હિંદભરમાં નાટકશાળાઓ બાંધવા માંડી ત્યારે તે સમયે બોલાતી એક પ્રકારની હિન્દુસ્તાની ઉર્દૂ, ફારસી અને સંસ્કૃત શબ્દોવાળી ભાષાના નાટકોની કરાંચીથી માંડી કોલકતા સુધી રમઝટ બોલાવી. પારસીઓએ આ નાટકો લઈ ઠેઠ કમ્પૂચિયા સુધી ડંકો વગાડયો. આ પ્રવૃત્તિ સાથે કર્ણાટક અને ઓરિસ્સા જેવા પ્રાંતોમાં જાગૃતિ આવતાં ત્યાં નાટકો લખાવા તેમજ ભજવાવા માંડ્યા.

મુંબઈમાં ગુજરાતી મરાઠી નાટક મંડળીઓએ બહુ સારા પ્રમાણમાં નાટકો લખાવી એને યોગ્ય અને કાબેલ નટો પાસે ભજવાવ્યા. એમાં દક્ષિણી મંડળીઓએ રંગમંચને સંગીતથી સજાગ કર્યો. તો ગુજરાતી (પારસી) ટોળીએ રંગમંચને સજાવવા અને ચાંપકળાના **દ્રશ્યો**થી લોકરંજક કરી નામના મેળવી. આમ 1850થી 1940 લગભગ 100 વર્ષ (એક સૈકો) સુધી ભારત પ્રવૃત્તિ માટે મશહૂર થયો.

પછી 1947માં દેશ સ્વતંત્ર થતા સરકારે નાટ્યપ્રવૃત્તિ વિકસાવવા પ્રચારનો આશરો લીધો. પણ ઝાઝી અસર ન જણાઈ. છૂટીછવાઈ અંગત મંડળીઓ સ્થપાતા ખાનગી તેમજ સરકારી

હરીફાઈઓ વધી. નટ, નાટક લેખકોને સારા પુરસ્કાર મળવા લાગ્યા. નાટ્ય તાલીમની ઠીક ઠીક સંસ્થાઓ સ્થપાઈ. સારા પ્રમાણમાં નાટ્ય શિબિરો યોજવામાં આવતી.

નાટ્યપ્રવૃત્તિ સરકારી પ્રવૃત્તિ હોઈ, વળી એ કેવળ કલા, ચિત્રકલા કે શિલ્પકલા જેવી અલાયદી ન હોવાને કારણે એના વિકાસમાં સૌથી મોખરે સંગીતની કલા રહી છે અને સંગીતના સારા અભ્યાસ તથા તાલીમની સાથે નાટકના  રંગમંચને શોભાવવા ચિત્રકલાની પણ જરૂર પડે છે. જાતજાતના **દ્રશ્યો** જોવા, નાટકનુંદશ્યએને અનુરૂપ રજૂ કરવા ચિત્રકારોની વારંવાર જરૂર પડે છે. સાથે રહીને કામ કરવું પડે છે. વળી નૃત્ય પણ નાટકના ભાવને પોષકરૂપે આવશ્યક રહે છે. સંગીત સાથે નૃત્ય તેમજ શણગાર સજવાની કળાની પણ એટલી જરૂર રહે છે. શણગારમાં કેશગૂંફન, ઘરેણાં, સીવણ વગેરે નાની કળાઓ પણ જાણવી જરૂરી છે. ખરું પૂછો તો નાટકશાળામાં નટ યા કારીગરનું કામ કરનારે ચોસઠ કળામાં પ્રવિણ થવાની જરૂર રહે છે.

## 4. શેરી નાટક

### 4.1 શેરી નાટકનો ઈતિહાસ

શેરી નાટકનો ઉદ્ભવ ઈ. સ. 1917માં રૂસી ક્રાંતિ પછી થયો એમ માનવામાં આવે છે. ક્રાંતિના એક વર્ષ પછી નાટ્ય દિગ્દર્શક મેયર હોલ્દે રૂસી કવિ વ્લાદિમીર મયકોવ્સકીની ક્રાંતિકારી કવિતાઓને નાટયાત્મક રીતે શહેરના મુખ્ય મેદાનોમાં હજારો લોકો સમક્ષ પેશ કરી હતી. આમ ફૅકટરીના ઝાંપે, મેદાનો, દુકાનો સામે આવા નાટકો ભજવવાનો સિલસિલો ચાલ્યો. સામાજિક, રાજકીય શાસ્ત્રની જેમ શરૂ થયેલા આ નાટ્યો લોકોને નાટ્યગૃહમાં બોલાવવાને બદલે એમના કામ કરવાના અને રહેવાના સ્થળોએ કે ઘરના આંગણામાં ભજવાતા. પછી તો સ્પેનમાં આંતરિક યુદ્ધમાં, જાપાન સાથે વિયેતનામની પિસ્તાલીસ વર્ષ ચાલેલી લાંબી લડાઈમાં, ક્રાંતિ પછી ક્યુબામાં તેમજ ફ્રાન્સ, લૅટિન અમેરિકા અને આફ્રિકાના રાષ્ટ્રીય મુક્તિજંગોમાં શેરી નાટકો ભજવાવા માંડયા. અમેરિકામાં પણ મેક્સિકોના ખેતમજૂરોમાં આ નાટ્યશૈલી બહુ પ્રચલિત બની.

### 4.2 શેરી નાટકની પ્રસ્તુતિને અસરકારક બનાવવાના સાધનો

શેરી નાટક લોકોને જાગૃત કરવાનું કામ જરૂર કરે છે, પણ તેમાં વધુ સફળ થવા અને તેઓને સંગઠિત કરી કોઈ પગલાં કે ઍકશન લેવા તરફ વાળવા હોય તો એનું ફૉલોઅપ ઍકશન લેવું પડે. જો કોઈ નિશ્ચિત પ્રેક્ષક સમૂહ સાથે કોઈ સંસ્થા કામ કરતી હોય તો એમાં બહુ મુશ્કેલી નહીં પડે અને નાટકનો ઉદ્દેશ–વિચાર ફેલાવવામાં શેરી નાટક ખૂબ જ ઉપયોગી નીવડશે.

શેરી નાટકની સાથોસાથ પાટિયા, પોસ્ટરો, સૂત્રો, પ્લેકાર્ડ, ગીતોનો ઉપયોગ કરી શકાય. નાટકના વિષયને અનુરૂપ પોસ્ટરો, પરચિત્રો દોર્યા હોય તો પ્રસ્તુતિ પહેલા અને પછી એ પ્રેક્ષકો જોઈ શકે. આવો ચિત્રાત્મક સંદેશો હંમેશા વધુ યાદ રહે છે. એ જ વાતનું જોડકણું અથવા કોઈ સૂત્રો લખી એને ઉચ્ચારવામાં આવે તો એ પણ લોકોને યાદ રહી જશે. નાટક જોવા લોકોને ભેગા કરવા

માટે ગીતો પણ ખૂબ જ ઉપયોગી નીવડે છે. લોકોમાં પ્રચલિત ગીતોના ઢાળને લઈને પ્રત્યાયનના મુદ્દાને કે સંદેશાને અનુરૂપ શબ્દો મૂકવાથી એ લોકોને મોઢે ચડી જશે. લોકગીતોનો ઢાળ હોય તો જે વાત આપણે કહેવી હોય તે ઝડપથી યાદ રહી જાય છે. લોકવાદ્યોનો ઉપયોગ પણ કરી શકાય છે. તાલ આપવા ઢોલ કે મંજિરા, ખંજરી તો ખરા જ. પણ એ ન મળે તો થાળી, લોટોને ચમચી, ડબો પણ વાપરી શકાય.

પાટિયાં / પ્લેકાર્ડ બનાવવા માટે કોઈ મોટું જાડું પૂઠું લઈ શાહી કે રંગ વડે લખી શકાય. આ પૂંઠાને લાકડીમાં ભરાવી લઈને શેરી કે ગામમાં ફરાય.

## 4.3 શેરી નાટક માટે રંગભૂમિની તૈયારી

નાટક ભજવવા માટેની જગ્યાની પસંદગી ખૂબ જ મહત્વની છે. એવી જગ્યા પસંદ કરવી જે શેરી નાટક કે ગામની વચ્ચે હોય. બધા જોવા આવી શકવા જોઈએ. ખુલ્લું મેદાન ન હોય તો સારું. ખૂબ ખુલ્લી જગ્યામાં નટોનો અવાજ ફેલાઈ જશે અને સંવાદો–ગીતો સંભળાશે નહીં. આજુબાજુ મકાનો હોય તો તેના ઝરૂખા, છાપરાં પર બેસીને પણ પ્રેક્ષકો નાટક નિહાળી શકે, હાઉસિંગ સોસાયટીઓ કે ઝૂંપડાંઓની વસ્તી વચ્ચેની ખુલ્લી જગ્યા કે બંધ ગલીઓના ભાગ સૌથી અનુકૂળ થશે. રાત્રે નાટક કરવાના હો તો પ્રકાશની વ્યવસ્થા કરવી. કોઈ ઘરમાંથી વીજળી કનેકશન લઈ લેવાય અથવા ગામની સ્ટ્રીટ લાઇટ નીચે પણ નાટક ભજવાય. આ જગ્યા પર પાણી નાખી રાખવું, જેથી ધૂળ ન ઊડે. મેદાનમાં તીક્ષ્ણ પથ્થરો કે કાચના ટુકડાઓ અચૂક ઉપાડી લેવા. વાંજિત્રકારોને એક બાજુ બેસાડવાના હોય તો તેમની જગ્યા નક્ક઼ી કરી રાખવી. કયુ પાત્ર કઈ બાજુથી આવશે અને ભજવીને ક્યાં જશે તે પણ નક્કી કરી રાખવું, જેથી સામેનું પાત્ર તૈયાર રહે.

## 4.4 શેરી નાટકની તૈયારી

નટોએ પોતપોતાની હાથસામગ્રી, પોતાનો વેશ પોતાની પાસે સંભાળીને રાખવો. ખાસ તો જ્યારે નટ એકથી વધારે પાત્ર ભજવતા હોય ત્યારે વધુ કાળજી રાખવી. એક જ હાથસામગ્રીનો ઉપયોગ જુદી જુદી રીતે કરી શકાય. જેમ કે, એક લાકડી કોઈ વૃદ્ધનું પાત્ર માટે હોય એ જ લાકડીનો ઘોડો બનાવીને પોલિસ કે કોઈ જમાદાર આવી શકે કે પછી એ જ લાકડીનો ઉપયોગ ગોવાળિયો કરી શકે. કપડાના એક જ પટ્ટાનો ઉપયોગ કમરે બાંધીને નાની છોકરી તરીકે, મોઢે ઓઢીને વહુ તરીકે, મા તરીકે, વૃદ્ધા તરીકે કરી શકાય અને એ જ પટ્ટાનો ઉપયોગ નાટકમાં ખાંસી ખાવા, મારવા, બાંધવા કે અન્ય કામમાં પણ કરી શકાય. એ જ રીતે નાટકમાં એક વ્યક્તિ એકથી વધારે ભૂમિકા ભજવી શકે.

## 4.5 શેરી નાટક જોવા પ્રેક્ષકોને બોલાવવાની રીત

નાટકની અગાઉ જાહેરાત થઈ હોય, શેરીના પાટિયે લખાયું હોય કે ચોપાનિયાં પણ વહેંચાયા હોય છતાં નાટક ભજવવાની રણભૂમિ તૈયાર થઈ જાય પછી જ પ્રેક્ષકોને બોલાવવાની તૈયારી કરવી.

જૂથો વાંજિત્રો અથવા થાળી અને વેલણ લઈને શહેર કે ગામની શેરી, ગલીઓમાં, ચોક–ચબૂતરે જઈ પ્રેક્ષકોને બોલાવવા માટેની જાહેરાત કરવી જોઈએ. દા.ત.

**શેરી નાટક, શેરી નાટક**
**ચાલો, જોવા શેરી નાટક**
**ચાલો ચાલો શેરી નાટક**
**શેરી નાટક, શેરી નાટક**

થોડાં મકાનો પાસે ઊભા રહી આવા કોઈ જોડકણાં કે ગીત ગાઈ વ્યવસ્થિત જાહેરાત કરી શકાય કે અમે શેરી નાટક ભજવીએ છીએ, બધાંને જોવા આવવાનું આમંત્રણ છે એવી જાહેરાત અમુક મકાન કે ચોક પાસે કરી શકાય, નાટક પાંચ–દસ મિનિટમાં શરૂ થશે વગેરે. શેરી નાટક શરૂ કરતાં પહેલાં થોડો સમય ગીતો ગાવાં. જેથી તે સાંભળી પ્રેક્ષકો ભેગા થાય અને ત્યારબાદ નાટક ચાલુ કરવું. ભાષણો કે પરિચયમાં વધુ વખત ન બગાડવો. નાટક શરૂ કરી વચ્ચે નાટકની થીમ મુજબના ગીતો બનાવી રસપ્રદ રીતે રજૂ કરી શકાય.

### 4.6 શેરી નાટક પૂરું થયા પછી કરવાની પ્રક્રિયા

નાટક વિશે પ્રેક્ષકો સાથે ચર્ચા કરવી અગત્યની છે. નાટક જોયા પછી પ્રેક્ષકોને કેટલું સમજાયું છે, શું ગમ્યું છે, કંઈ રહી ગયું છે કે તેમને કંઈ ઉમેરવું છે તે સાંભળો અને તેની નોંધ પણ કરો. જેથી ફરી રજૂઆત વખતે તે વાત ઉમેરી શકાય. પ્રેક્ષકોને પ્રશ્નો કરી સૂચનો જાણો અને તેમને સંગઠિત થવા કહો. એમના સૂચનો બને તો બીજા પ્રયોગોમાં આમેજ કરો. આમ દરેક પ્રયોગ વધુને વધુ સાર્થક અને લોકોને સુસંગત બનતો જશે.

નાટકની સામગ્રી બીજા પ્રયોગ માટે સાચવીને મૂકો. નાટકના પ્રથમ ત્રણ–ચાર પ્રયોગ સુધી એ નાટક વિશે અને તૈયારી વિશે નોંધ રાખવાની ટેવ પાડવી જોઈએ. નાટકના કેટલા પ્રયોગો થયા? ક્યાં ભજવ્યા? શું સૂચનો આવ્યા વગેરેની પણ નોંધ કરવી જોઈએ.

### 4.7 નાટક વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

1. નાટક તૈયાર કરતી વખતે પ્રેક્ષકો ચારેય બાજુ હશે. તેમને અગવડ ન પડે એ માટે તમે કમ્પોઝિશન અથવા રચના/ગોઠવણી એવી કરો કે જેથી મોટાભાગના પ્રેક્ષકો બરાબર જોઈ શકે.
2. નટોએ (પાત્રોએ) અવાજ બુલંદ રાખવો જોઈએ.
3. સંનિવેશ એવા પસંદ કરવા જેને ઉપાડીને લાવવા–લઈ જવામાં તકલીફ પડે.
4. પ્રેક્ષકોની સામે જોઈને નાટક ભજવવું. ઘણા નટો ક્ષોભને કારણે પ્રેક્ષકો સાથે આંખો મિલાવી સંવાદો બોલતા નથી. નાટકની અસરકારકતા વધારવા આત્મવિશ્વાસથી પ્રેક્ષકો

સામે નજર રાખી સંવાદો બોલવા.

5. **શિક્ષણમાં નાટક** (Theatre in Education)

TIE એટલે Theatre in Education (નાટ્ય દ્વારા શિક્ષણ) એ પ્રદર્શનકારી કલા (Performing Art) નહીં પણ અનુભવજન્ય વિનિયોગાત્મક કળા(Applied Art) છે, તે સમજવું જરૂરી છે.

વર્ષો પહેલાં આપણા બાળકેળવણીકાર ગિજુભાઈ બધેકાએ આ પ્રયુક્તિનો શિક્ષણમાં ઉપયોગ કરેલો છે. ભાવિ શિક્ષકો અને સેવાકાલીન શિક્ષકો આ પ્રયુક્તિનો ઉપયોગ કરીને કોઈ એક પાઠ કે તેના અંશનું નાટ્યીકરણ કરીને વિદ્યાર્થીઓ સામે પ્રસ્તુત કરે છે. જેમાં તેમને મજા પડે છે.

હવે આપને એ સમજવું રહ્યું કે 'નાટ્યીકરણ(Dramatization) પ્રયુક્તિ' અને 'નાટ્ય દ્વારા શિક્ષણ'(Theatre in Education)માં શો ફેર છે.

અંગ્રેજી ભાષામાં ત્રણ શબ્દો પ્રચલિત છે : Play, Drama અને Theatre. જ્યારે ગુજરાતી ભાષામાં બે શબ્દ ચલણમાં છે. નાટક અને નાટ્ય. ગુજરાતી ભાષામાં 'Play' અને 'Drama' માટે આપણે એક જ શબ્દ 'નાટક' વાપરવા ટેવાયેલા છીએ. 'Theatre' માટે તજજ્ઞો 'રંગમંચ' કે 'નાટ્ય' શબ્દ પ્રયોજે છે.

Drama(ડ્રામા) એટલે સાહિત્યનો પ્રકાર નાટક (નવલકથા પ્રકારની જેમ) Theatre(થીએટર) એટલે નાટ્ય. ભજવાતું નાટક જેમાં આંગિક, વાચિક, સાત્વિક અને આહાર્ય તમામ અભિનય નાટ્યનો સમાવેશ થાય છે.

Play(પ્લે) એટલે નાટક નાટક, લઘુનાટક, સ્કીટ (લિખિત કે પ્રદર્શિત). નાટક એ નાટ્યકાર દ્વારા લખેલું સાહિત્યનું એક સ્વરૂપ છે, જેમાં મોટાભાગે નાટકનાં પાત્રો દ્વારા રજૂ થતા સંવાદો અથવા ગાયકીનો સમાવેશ થાય છે.

સામાન્યતઃ શાળા મહાશાળામાં લખાતાં ભજવાતાં નાટ્યીકરણમાં કોઈ શિક્ષક નાટ્ય રૂપાંતર કરે છે, લખે છે. પછી, વિદ્યાર્થીઓને પાત્રો સોંપીને સંવાદ તૈયાર કરાવવામાં આવે છે અને તેને દૃશ્યબંધ, વેશભૂષા, પશ્ચાદદ્ધ્વનિ, પ્રકાશ આયોજન કે મંચસામગ્રી સાથે કે વગર ભજવવામાં આવે છે. આ સમગ્ર પ્રવૃત્તિમાં શિક્ષક કે દિગ્દર્શક જેમ કહે તેમ વિદ્યાર્થીઓએ કરવાનું હોય છે.

જ્યારે 'નાટ્ય દ્વારા શિક્ષણ' ના હેતુ જ જુદા છે. તેમાં ભજવણી કરતાં પ્રક્રિયાનું મહત્વ છે. વળી, આ પ્રક્રિયા અધ્યેતાકેન્દ્રી હોવી જરૂરી છે. તથા જૂથ પ્રવૃત્તિ હોવી જરૂરી છે.

### 5.1 TiE નું સ્વરૂપ :

- **TiE વિનિયોગાત્મક કળા છે.** (TiE is an Applied Art)

TIE નામ જ શિક્ષણના ક્ષેત્રમાં નાટ્યકળાના વિનિયોગને સૂચવે છે. આ સંકલ્પનામાં ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણનો સમાવેશ થાય છે. આમ જીવનલક્ષી શિક્ષણમાં અધ્યયન–અધ્યાપન ઉપરાંત સ્વ–સમજ, સ્વ–પ્રગટીકરણ સહિતનો સામાજિક સંદર્ભ પણ છે. જેથી તેમાં વિદ્યાર્થીઓ કે શિક્ષકો કે અભિભાવકો ઉપરાંત સમાજના વિવિધ વર્ગોનો સમાવેશ પણ થાય છે.

- **TiE એ છત્રાત્મક સંકલ્પના છે.**

TiE is an Umbrella Team છત્રાત્મકતા એટલે ઘણી બાબતોને સમાવી શકે તેવી ક્ષમતા તે ઉપરાંત ખુલ્લાપણું (openness) તેમાં વિષયવસ્તુ અને પ્રવિધિ તરીકે શિક્ષણશાસ્ત્રીની બાબતો અને પ્રવિધિ તરીકે નાટ્યશાસ્ત્રની બાબતોનો સમાવેશ થઈ શકે છે.

- **TiE વિચારસરણી છે.(** TiE is a Philosophy)

TiE એ જીવન જીવવાની, જીવન વિકાસની, માનવ નિર્માણની અને સમાજ નિર્માણની વિચારસરણી છે. તેની પાયાની બાબતો સ્વ, પરિવાર, સમાજ અને શિક્ષણ છે.

- **TiE અધ્યયનપૂર્ણ અનુભવ છે.** (TiE is Learning Experience)

અધ્યયનની ઓળખ, સમજ, પૃથક્કરણ, તારણ, મૂલ્યાંકન અને સર્જન જેવાં પાસાં છે. TiE અધ્યયન તત્ત્વોનાં સૈદ્ધાંતિક કરતાં પ્રાયોગિક જ્ઞાનને મહત્વ આપે છે. દા. ત. પેપર પેન્સિલને બદલે હાથપગ –દિલ અને દિમાગ તે અધ્યયનમાં પ્રવૃત્તિઓને મહત્વ આપે છે.

1. 3R (Reading, Writing, Arithmetic)નું નહિ પણ
   3H(Hand, Heart, Head)નું મહત્વ છે.
2. TiEમાં સ્પર્ધાને સ્થાન નથી.
3. TiEમાં ફરજીયાતપણું નથી.

### 5.2 TiE ના શૈક્ષણિક ફલિતાર્થ :–

1. શિક્ષણમાં સહભાગિતા અભિગમ ધરાવતો કાર્યક્રમ છે.
2. સંરચનાવાદનો શિક્ષણમાં વિનિયોગ.
3. પ્રદર્શન અને કાર્યશિબિર આધારિત પ્રયુક્તિઓને સ્થાન.
4. શિક્ષણનું સમાજ સાથે જોડાણ તથા રાજકીય અને સાંવેગિક સંઘર્ષ સંકળાતા વૈયક્તિક અને સામાજિક વિકાસ નિર્માણ પ્રક્રિયા શક્ય બને.

5. માનવતાની જાળવણી અને તેના સિંચન માટે રંગમંચની અગત્યની ભૂમિકા.
6. સહકારી કાર્યશૈલી તરીકેની સ્થાપના.
7. અત્યંત સંકુલ આવી બે બાબતો – કળા અને શિક્ષણને સાંકળતા શિક્ષણ રસપ્રદ બને છે.
8. (સંક્ષિપ્ત લખાણ, નાટય દ્વારા શિક્ષણ, માનવનિર્માણનો અનુભવજન્ય આનંદદાયક વિનિયોગાત્મક અભિગમ, લેખકઃ ડૉ. વિજય સેવક)

## 5.3 નાટકનું વિષયો સાથેનું જોડાણ

નાટક દ્વારા દરેક વિષયની વિષયવસ્તુ શીખવી શકાય છે અને બાળકો પોતે જ વિષયવસ્તુ આધારિત પાત્રો ભજવી શકે છે તથા વિષયવસ્તુની અનુભવ દ્વારા સમજ કેળવે છે.

ગુજરાતી, હિન્દી, અંગ્રેજી તથા સંસ્કૃતના એકમો આધારિત એકમોનું નાટ્યીકરણ કરી બાળકો દ્વારા જ તેને રજૂ કરી એકમની સમજ ઘણી જ અસરકારક રહે છે.

એ જ પ્રમાણે ગણિત, પર્યાવરણ તથા વિજ્ઞાન અને ટેક્નોલૉજી, સામાજિક વિજ્ઞાન દરેક વિષયમાં નાટક દ્વારા શિક્ષણની અસરકારકતા વધુ રહે છે.

## 6 સારાંશ

'નાટક દ્વારા શિક્ષણ' એટલે કે બાળકોને નાટક દ્વારા વિષયવસ્તુની સમજ સહેલાઈથી કેવી રીતે આપી શકાય તે વિશે પ્રશિક્ષણાર્થીઓ સમજ મેળવશે. આ ઉપરાંત પ્રશિક્ષણાર્થીઓ નાટકમાં ગુજરાત તથા ભારતના ઈતિહાસ વિશેની સમજ મેળવશે. આ ઉપરાંત શિક્ષકની સમાજ પ્રત્યેની જવાબદારી વિશે સમજશે. સમાજને માટે ઉદ્‌ભવતા પ્રશ્નોને શેરી નાટક દ્વારા કેવી રીતે નિવારવા તેની સમજ મેળવશે અને શિક્ષક તરીકે સામાજિક પ્રશ્નો હલ કરવા શેરી નાટકનો ઉપયોગ કરી જવાબદારી નિભાવશે.

## પ્રસિદ્ધ નાટ્યકારો

### 1. શ્રી જયશંકર (સુંદરી)

જયશંકરભાઈનો જન્મ વિસનગર પાસે ઉકાઈમાં થયો હતો. બાર વર્ષની ઉંમરે સૌપ્રથમ 'સૌભાગ્ય સુંદરી'માં સ્ત્રીની ભૂમિકા કરી તે બદલ તેમની એટલી તો વાહ વાહ થઈ ગઈ કે તેમની મૂળ અટક 'ભોજક' છીનવાઈ ગઈ અને તે 'સુંદરી' નામે ઓળખાવા લાગ્યા.

બાળપણમાં ત્રણ વર્ષ કોલકતામાં એક ધંધાદારી નાટકમાં કામ કર્યું અને 1901થી તેઓ મુંબઈના ગેઈટી થિએટરમાં જોડાયા. તેમણે 32 વર્ષ સુધી અનેક નાટકોમાં સ્ત્રીની ભૂમિકા કરી. તેમણે આખી કારકિર્દીમાં માત્ર બે જ નાટકમાં પુરુષની ભૂમિકા કરી હતી.

'સુંદરી'એ પોતાની આત્મકથા લખી હતી. જે ''થોડા આસૂં થોડા ફૂલ'' નામે પ્રગટ થઈ હતી.

તેના આધારે નેશનલ સ્કૂલ ઑફ ડ્રામા, દિલ્હીએ એક નાટક ''An actors prepares'' મહાનગરોમાં દર્શાવ્યું હતું. આ જ સંસ્થાએ તે પુસ્તકનો હિન્દીમાં અનુવાદ પણ પ્રગટ કર્યો છે.

1948માં તેઓ ફરી અમદાવાદ આવી સ્થિર થયા અને ગુજરાતની નાટ્યપ્રવૃત્તિને સજીવન અને સુવ્યવસ્થિત કરવા માટે તેમણે ખૂબ જ જહેમત ઉઠાવી. આના શુભ ફળસ્વરૂપે ''નાટ્યવિદ્યામંદિર'' અને 'નટ મંડળ'ની સ્થાપના થઈ.

1952માં રણજિતરામ સુવર્ણચંદ્રક, 1957માં રાષ્ટ્રપતિના હાથે રંગમંચ માટેનો શ્રેષ્ઠ ચંદ્રક, 1964માં ગુજરાતી સાહિત્ય પરિષદના કલાવિભાગના પ્રમુખ તેમજ 1971માં પદ્મભૂષણનો ખિતાબ પ્રાપ્ત કર્યો હતો.

**2. જશવંત ઠાકર**

ગુજરાતી રંગભૂમિના નાટ્યકાર, નટ, દિગ્દર્શક, જશવંત ઠાકરનો જન્મ ખેડા જિલ્લાના મહેળાવ ગામે થયો હતો. આધુનિક રંગભૂમિના અગ્રણી કલાકારોમાં એમનું નામ મોખરે છે.

શંભુમિત્ર અને બલરાજ સહાની જેવા કલાકારોએ 'ઇન્ડિયન પીપલ્સ થિએટર' દ્વારા રંગભૂમિનું જે પ્રચંડ મોજું ઉછાળ્યું – પ્રસાર્યુ તેમના સાથી તરીકે જશવંત ઠાકરનો કલાકાર તરીકે ઉગમ–વિકાસ થયો. ગુજરાતમાં 'ઈપ્ટા'ના સ્થાપનથી અને પછી નટમંડળ, ભરત નાટ્યપીઠ એમ જુદા જુદા મંડળો દ્વારા તેમણે રંગભૂમિનો વિકાસ કર્યો.

નાટ્યશાસ્ત્રના ઊંડા અભ્યાસી, પૂર્વ–પશ્ચિમની પ્રાચીનથી અદ્યાપિ પર્યંતની નાટ્ય પરંપરાઓના જાણકાર એવા તજ્જ્ઞ જ નહીં, પણ સ્વયં ઉત્તમ નટ, દિગ્દર્શક, નિર્માતા એવા જશવંત ઠાકરના અવાજની રેન્જ ઉપરાંત તેમની અદાકારી જાણકારોએ તેમને અર્વાચીનોમાં ઉત્તમ સ્થાને સ્થાપ્યા છે.

પશ્ચિમનાં ઉત્તમ સર્જનોના રૂપાંતરો ઉપરાંત તેમણે સ્વતંત્ર નાટ્યરચનાઓ પણ આપી છે. એમણે શેક્સપિયરનાં નાટકો ગુજરાતીમાં ઉતાર્યા છે, તો રંગભૂમિની કલા અને તેના રસલક્ષી પ્રશ્નોને લગતા પુસ્તકો પણ લખ્યા છે. જશવંત ઠાકરે નાટકો ઉપરાંત નાટ્ય શિક્ષણને લગતાં પુસ્તકો આપ્યાં છે. સંગીત નાટક અકાદમીનો નેશનલ અવૉર્ડ, ગુજરાત સંગીત નાટક અકાદમીનો અવૉર્ડ, રણજિતરામ સુવર્ણચંદ્રક, શાંતિચંદ્રક, સોવિયેત લૅન્ડ નેહરુ અવૉર્ડ એવા અનેક અવૉર્ડથી પ્રજાએ તેમને નવાજ્યા છે.

**3. અશરફખાન**

નામ મહંમદ અશરફખાન. જન્મ મધ્ય પ્રદેશના ઈંદોરમાં થયો હતો. બાળપણમાં વાંકાનેર નાટક કંપનીના નટ ત્ર્યંબકભાઈના આગ્રહથી અશરફખાન ગુજરાત આવ્યાં. તેમનો કંઠ સૂરીલો હતો. પહેલી ભૂમિકા 'આલ્ફ્રેડ' કંપનીના 'ઉદયભાણ' નાટકમાં ગુજરાતી જબાનમાં ભજવી પણ ખરી સફળતા મળી 'માલવપતિ' નાટકમાં મુંજની ભૂમિકાથી. ત્યારબાદની અનેક ભૂમિકાએ તેમને યશ

પ્રતિષ્ઠા અપાવ્યાં. 'સિરાજુદોલા' નાટકમાં દારૂડિયા સિરાજ તરીકેની ભૂમિકા માટે અનેક દારૂડિયાઓનું નિરીક્ષણ કરીને અભિનય આપેલો. તે સમયના મોહનલાલાએ અશરફખાનને ઘણી તાલીમ આપી હતી.

1940ની આસપાસ માત્ર 'દેશી નાટક સમાજ' સિવાયની ઘણીખરી કંપનીઓ બંધ થઈ ગઈ હતી. આર્ય નૈતિક કંપની બંધ થવાની તૈયારીમાં હતી ત્યારે દોઢસો રૂપિયાની રૉયલ્ટીએ નાઇટ કરીને કંપનીને 'ઑડિયન્સ' પાછું અપાવ્યું. 'એક અબળા' નાટકમાં બિહારીની ભૂમિકા અશરફખાન ભજવવાના છે, તે જાણતા જ પ્રેક્ષકોનો ભારે ધસારો થયેલો અને ખોટ કરતી કંપની સદ્ધર થઈ ગઈ હતી.

1960માં માસ્ટર અશરફખાને ગોંડલમાં 'ગુજરાત કલામંદિર' નામે પોતાની કંપની ઊભી કરી. પરંતુ 1962માં તેઓ મૃત્યુ પામ્યા. તેમની દરગાહ અમદાવાદમાં દાણીલીમડા પાસે છે. તેમને ગુજરાત રાજ્યની નાટક સંગીત અકાદમીએ અવૉર્ડ આપ્યો હતો.

## 4. નૃત્યકલા

**1.** પ્રસ્તાવના

ભારત એક લોકશાહી દેશ છે; જેથી ભારતમાં દરેક ધર્મને સરખા ગણવામાં આવ્યા છે. લોકો દરેક ધર્મના ઉત્સવો ખૂબ જ ઉત્સાહથી ઉજવે છે. ભારતના લોકો ઉત્સવપ્રેમી છે. ઉત્સવો ઉજવવા સંગીત, નૃત્ય તથા નાટક દ્વારા ખૂબ જ સુંદર રીતે કલાને સાંકળી લઈ આપણી સંસ્કૃતિનો ઉદ્ભવ થયેલો છે. કહેવત છે કે બાર ગામે બોલી બદલાય તે રીતે અલગ–અલગ પ્રદેશોમાં પરંપરાઓ મુજબના લોકનૃત્યો પણ વણાયેલ છે. લોકોની પ્રાદેશિકતાના આધારે અલગ–અલગ રાજયોમાં લોકનૃત્યો પણ અલગ–અલગ હોય છે. લોકનૃત્યો દ્વારા ભારતની સંસ્કૃતિ વણાયેલી છે.

ધીમે ધીમે વિકાસ થતા શાસ્ત્રીય નૃત્યો ઉદ્ ભવ્યા અને નૃત્યો તથા સંગીતને પદ્ધતિસર એકબીજા સાથે વણી લઈ શાસ્ત્રીય નૃત્યનો ઉદ્ભવ થયો. આજે ઉત્સવપ્રેમી ભારત દેશમાં અનેક લોકનૃત્યો અને શાસ્ત્રીય નૃત્યો દ્વારા ભારતીય સંસ્કૃતિ ખૂબ જ સંદર રીતે વણાયેલી છે.

ભારતમાં અનેક નૃત્યાંગનાઓ અને નૃત્યકારો થઈ ગયા અને આવા મહાન નૃત્યપ્રેમીઓને લીધે જ આપણી સંસ્કૃતિ ખૂબ જ સુંદર રીતે જળવાયેલી છે.

પ્રશિક્ષણાર્થીઓને નૃત્યની જાણકારી એ હેતુસર જરૂરી છે કે શાળાના બાળકોમાં કોઈ બાળક નૃત્યમાં પારંગત હોય તો શિક્ષક તેને તે બાબતનું પૂરતું માર્ગદર્શન આપી તે વિદ્યાર્થીને નૃત્યકલામાં આગળ વધવા માહિતગાર કરી શકે. માટે જ દરેક શિક્ષકને દરેક કલાની સામાન્ય માહિતી હોવી જરૂરી છે.

### 2. હેતુઓ

1. પ્રશિક્ષણાર્થીઓ નૃત્ય વિશે સમજ કેળવશે.
2. પ્રશિક્ષણાર્થીઓ ભારતની સંસ્કૃતિની જાણકારી મેળવશે.
3. નૃત્યકલા દ્વારા શારીરિક અને માનસિક તંદુરસ્તી જળવાય તેનો ખ્યાલ મેળવશે.
4. પ્રશિક્ષણાર્થીઓ નૃત્યની સમજ કેળવી સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા પ્રેરાશે.
5. પ્રશિક્ષણાર્થીઓ લોકનૃત્યો અને શાસ્ત્રીય નૃત્યોની જાણકારી મેળવશે.
6. ભારતના શાસ્ત્રીય નૃત્યકારો વિશે જાણકારી મેળવશે.

### 3. ગુજરાતના લોકનૃત્યો

ગુજરાતમાં દર વર્ષે યોજાતા મેળાઓ અને તહેવારોની સંખ્યા જોતાં ગુજરાતને "તહેવારોની ભૂમિ" એવું ઉપનામ મળ્યું છે. પ્રસંગોની ઊજવણીમાં પરંપરાગત નૃત્ય તથા સંગીત પ્રદર્શન હોય છે.

સમૃદ્ધ કલા અને સંસ્કૃતિની પરંપરાને લીધે ગુજરાતમાં વિવિધ શાસ્ત્રીય ગીત, નૃત્ય અને

નાટકના સ્વરૂપો ભજવાય છે. એવું કહેવાય છે કે, પ્રદર્શન કળાની પરંપરા ભગવાન શ્રીકૃષ્ણના કાળ દરમ્યાન પાંગરેલી હતી. ભગવાન શ્રી કૃષ્ણએ પોતાના શરૂઆતના દિવસો ગોકુળમાં વિતાવ્યા હતા અને ત્યાં તેમણે વાંસળી–વાદન અને નૃત્ય દ્વારા ગોકુળવાસીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આમાં એમની રાસલીલા નોંધપાત્ર છે, કે જેને આજે પણ યાદ કરાય છે. ભગવાન શ્રી કૃષ્ણ લોકગીતો અને નૃત્યોના પુરસ્કર્તા હતા. તેઓ દ્વારકાના રાજા બન્યા પછી તેમણે કલાત્મક મૂલ્યોને પ્રોત્સાહન આપ્યું. તે સમયથી આજદિન સુધી ગુજરાતના લોકો સાંસ્કૃતિક વારસા અને ગૌરવની ઊજવણી કરે છે. ભવાઈ એ ગુજરાતના ચોથા લોકપ્રિય નૃત્યોમાંનું એક છે. બીજા લોકનૃત્યોમાં સિદ્ધી, ટિપ્પણી નૃત્ય, ડાંગી નૃત્ય અને પથ્થર નૃત્ય કહી શકાય.

### 3.1 ગરબા

ગરબા એ પરંપરાગત નૃત્યનો એક પ્રકાર છે કે જે મુખ્યત્વે સ્ત્રીઓ દ્વારા કરવામાં આવે છે. દેવી (મા) અંબાજીના માનમાં આ નૃત્ય કરાય છે. આ નૃત્યનો હેતુ દેવીમાની ફરતે વર્તુળાકારે લયબદ્ધ રીતે ગીત ગાવાનો અને તાળીઓ પાડવાનો છે. તેમ છતાં આ નૃત્ય પ્રકારમાં કેટલાક ફેરફાર થયા છે. તે એ કે હવે પુરુષો પણ આ નૃત્યમાં જોડાય છે. આ નૃત્યમાં વિવિધ દાગીના સાથે સુશોભિત અને રંગબેરંગી ચોળી, ઘાઘરા અને બાંધણી દુપટ્ટામાં સજ્જ મહિલાઓ જાજરમાન લાગે છે. જ્યારે પુરુષો કેડિયું, ચૂડીદાર અને પાઘડી પહેરે છે.

### 3.2 ગરબી

ગરબી એ પરંપરાગત નૃત્ય છે. જે સામાન્યતઃ પુરુષો આસપાસ કેન્દ્રિત છે. શરૂઆતના સમયમાં યોદ્ધાઓ યુદ્ધ જીતીને વિજયી થઈ પાછા ફરતાં ત્યારે આનંદની ઊજવણીરૂપે ચારણોના ગીતો અને દોહા પર લયબદ્ધ રીતે લશ્કર નાચતું તથા ગેલમાં કૂદતું. આજે સ્ત્રીઓ પણ આ નૃત્યમાં ભાગીદાર બની શકે છે. નળસરોવરની આસપાસ રહેતા ગ્રામીણ સમુદાય દ્વારા આ નૃત્ય ભજવાય છે. નૃત્ય કરનાર શૈલીયુક્ત હિલચાલ અને નૃત્ય કરીને હલેસાં મારતાં નાવિકો તથા ઊંચા નીચા થતાં દરિયાના મોજાની ઝાંખી કરાવે. ભીલ પ્રજાતિ અને આદિવાસીઓ લોકનૃત્ય દ્વારા ઊજવણી કરે છે.

### 3.3 દાંડિયા–રાસ

રંગીન દાંડિયા–રાસએ આ નૃત્ય સ્વરૂપના મૂળ ભગવાન શ્રી કૃષ્ણના સમયથી છે. જ્યારે યમુના નદીના કિનારે પૂનમની રાતે કૃષ્ણએ એમની માનીતી ગોપીઓ સાથે રાસ કર્યો. દાંડિયા–રાસમાં પુરુષો અને સ્ત્રીઓ રંગીન કપડાં પહેરીને જોડીમાં વર્તુળાકારે નૃત્ય કરે છે. જેમાં એક ચાલ સવળી અને એક ચાલ અવળી ચાલવામાં આવે છે.

રાસ રમનારા બે નકશીવાળા વાંસની લાકડીઓ એમના હાથમાં રાખે તેને દાંડિયા કહેવાય. હિલચાલની સાથે સાથે દાંડિયાનો સર્જનાત્મક ઉપયોગ એ આ નૃત્યનો સૌથી નોંધપાત્ર હિસ્સો છે.

રાસ નૃત્યની સાથે ગવાનાર (ગાવામાં આવતું) ગીત ભોગની એક વિશિષ્ટ છાપ હોય છે. કારણ એક જોડી ફરે અને એકબીજા સાથે લાકડીઓ ટકરાવે તથા આંખોનો સંપર્ક ગુપ્ત રીતે સંદેશો આપ–લે કરવાનું એક કારણ હોય છે. નવરાત્રીમાં દાંડિયા–રાસ થાય છે જે યુવાવર્ગમાં ખૂબ લોકપ્રિય છે, આ સમયે પ્રેમ પાંગરે છે.

### 3.4 રાસડા

રાસ એ પ્રધાનતઃ લોકનૃત્ય છે જ્યારે રાસડામાં નૃત્ય કરતાં લોકસંગીતનું પ્રાધાન્ય છે. રાસડા એ તાલી–રાસનો એક પ્રકાર છે. ત્રણ તાળીના પગલાં પણ ત્રણ ત્રણ અને ચાર ચાર ઉપાડતા આવે. પહેલાના સમયમાં પશુપાલન અને ખેતીનો વ્યવસાય કરતી કોમોમાં પણ રાસડા વિશેષ લેવાતા હતા. પાછળથી ઘણી અન્ય કોમોમાં પણ રાસડાનો પ્રચાર વધી ગયો.

રાસડામાં શબ્દો સરળ હોય છે. ધ્વનિ એ તેનો આત્મા છે. રાસડામાં રહેલા સંગીતને કારણે કરુણ, ગંભીર, પ્રસન્ન ભાવોના એવા સ્પંદનો ઉછળે છે કે રાસડો પૂરો થયા પછી પણ ત્રીસ, ચાલીસ કે પચાસ–પચાસ કંઠોમાંથી ઉઠેલો એ ધ્વનિ વાતાવરણમાં વણાઈને ગૂંજ્યા કરે છે અને માનવહૈયાને ભીંજવી દે છે.

### 3.5 ગોફગૂંથન

આ નૃત્યમાં માંડવો, વૃક્ષ કે સ્તંભની મદદ લેવામાં આવે છે. આ નૃત્યમાં દોરી કે રાશ વપરાય છે અને તે ખુલ્લા મેદાનમાં રમાય છે. રમવા માટે માંડવો બનાવે. માંડવા પર નાંખેલા વાંસે દોરીઓ બાંધે. ગૂચ્છમાં બાંધેલી રાશ કે દોરીનો એક છેડો નીચે સમૂહમાં ઉભેલા નળરચકારો હાથમાં પકડી રાખે છે. બીજા હાથમાં દાંડિયા પકડીને વેલ–આકારમાં એક જણ અંદર અને એક જણ બહાર જઈ ગોળ ફરતાં નૃત્ય કરે છે. આ કારણે દોરીઓની સુંદર ગૂંથણી થાય છે. ફરી પાછા જે દિશામાં ફરતા હોય તેનાથી ઊંધી દિશામાં ફરવા માંડે છે એટલે ગૂંથણી છૂટતી જાય છે. આ રાસમાં અનેક પ્રકારના નર્તન રચાય છે. તેમાં સ્વસ્તિક વગેરે જાતજાતના અનેક આકારો રચાય છે.

### 3.6 પઢારનાં રાસનૃત્યો

પઢારો એ ખારવા નથી, પણ જળકાંઠાની સંસ્કૃતિની નજીકનો એમનો નાતો છે. એટલે એમના સંસ્કાર જળકાંઠાના વસનારા જેવા છે. રાસનૃત્યોમાં પઢારોની શિસ્ત સૌ કોમો કરતા ચઢિયાતી છે. સમાન ગતિ, સમાન અંગભંગ અને સમાન સ્ફૂર્તિ એ એમની વિલક્ષણતા છે. દાંડિયા લેતાં–લેતાં તેઓ દોડવા લાગે પણ એ તેમનો લય છે. તેમની વિશિષ્ટતા મંજીરા–રાસ છે. હાથમાં મંજીરાના તાલ સાથે શરીરને જમીન સરસું પાછું રાખીને તેઓ તાલબદ્ધ રીતે બેઠા થાય છે. ઢીંચણ સુધી માથું નમાવીને પાછા માથાને જમીન સરસા થઈ જાય છે. મોજાં ઉપડે ને વીંખાય–પીંખાય ને ઉપડે એવા **દ્રશ્યો** સર્જાય છે. સાગરના સીના પર વહાણ હિલોળા લેતું હોય તેવુંદશ્યખડું થાય છે.

## 3.7 કોળી નૃત્ય

પઢારો જેવી સ્ફૂર્તિ ધરાવતા કોળીઓના નૃત્યમાં જળકાંઠાના સંસ્કાર નથી. કોળીઓ એ સૌરાષ્ટ્રની રંગીલી કોમ છે. અર્ધ ઘરડો આદમી પણ ઉત્સવ ટાંણે આંખમાં સુરમો, માથે લાલ મધરાસિયા આંટીયાળી ગોળ પાઘડી, પાઘડીને આંભલાં ભરેલું લીલા પટ્ટાનું બાંધણું અને કેડે બાંધેલી રંગીન ભેટ, આટલું અધરું હોય તેમ હાથમાં બે–બે છત્રીઓ ઝૂલાવતો જાય અને છત્રી પણ કેવી? ભરત ભરેલી, સળિયે સળિયે લાલ–પીળાને લીલા રૂમાલ લટકતાં હોય. મધ્યમ કદ ધરાવતાં કોળીનાં શરીર પાતળાં ને અજબ ચેતનવંતા હોય છે. આ કોળીઓનું રંગીલાપણું જોવું હોય તો તરણેતરના મેળામાં જોવા મળે. આ મેળો કોળીઓનો જ મેળો છે. કોળણો પણ ત્રણ તાલીના રાસમાં ચગે છે. મીઠી હલકે, મીઠા કંઠે ને મોકળે મને ગાતી ને વાયુના હિલોળાની જેમ ઝૂમતી કોળણોના રાસડા જોવા એ જિંદગીનો લહાવો છે.

## 3.8 મેરનું ખમીરવંતુ નૃત્ય

ભરવાડો, આયરો અને કણબીઓનાં નૃત્યોમાં પૌરુષ જરૂર દેખાય છે. પરંતુ મેર જાતિના નૃત્યનું લડાયક ખમીર અને આકર્ષક બાહુબળ આગવું સ્વરૂપ ધારણ કરે છે. લાંબી ભુજાવાળા, મૂછાળા અને થોભાળા, ઊંચા, પડછંદ શરીરવાળા, સિંહસમા સીના, કરડાં મુખ, કેડિયા પર કસકસાવીને બાંધેલી ભેટ, કપાળ પરથી છાજલું કરતી, પેચદાર પાઘડી એવા અઢાર વર્ષના દૂધમેલિયા જુવાનિયાથી માંડીને એંસી વરસના ધોળી દાઢી ફરકાવતા વૃદ્ધ–જુવાનો રાસના મેદાનમાં ઉતરે ત્યારે જાણે મધ્યયુગના Øશ્યો ખડાં થાય છે.

મેર લોકોમાં પગની ગતિ તાલબદ્ધ હોવાં છતાં તરલતા ઓછી છે. શિસ્તબદ્ધ સિપાઈની જેમ તેમના પગલાં ઉપડે છે. તીરછાં, તોળેલા શરીર અને દાંડિયા, તલવારના કટકાની જેમ વીંઝાય છે. એક સાથે ચાળીસ ચાળીસ આદમીના મરદાનગીભર્યા મેસોડો ખેંચાઈ રહે છે. ક્યારેક ક્યારેક એકથી દોઢ મીટર ઊંચા તેઓ ઉછળે છે અને વીરરસ તથા રૌદ્રરસની પ્રસન્ન ગંભીર છટા ઊભી કરે છે.

## 3.9 મેરાયો નૃત્ય

બનાસકાંઠાના વાવ તાલુકા તેમજ અન્ય વિસ્તારોના લોકમેળાઓમાં જોવા મળે છે. આ લોકનૃત્યમાં ઠાકોર કોમના લોકો ભાગ લે છે.

સરખડ અથવા ઝૂંઝાળી નામના ઊંચા ઘાસમાંથી તોરણ જેવા ઝૂમખાં ગૂંથીને આ મેરાયો બનાવવામાં આવે છે. આ ઝૂમખાંને ''નાગલી" કહેવામાં આવે છે. આવા અનેક ઝૂમખાંને એક લાકડીની આસપાસ એક ચોરસ પાટિયાને આધારે લટકાવવામાં આવે છે. ઉપર ચાર છેડે મોર–પોપટ બેસાડવામાં આવે છે. આ થયો મેરાયો. બધા ઝૂમખાંની વચ્ચે દીવડો હોય તેવી વ્યવસ્થા હોય છે. તેમાં મેરાયોને ફેરવવામાં આવે છે. ત્યારપછી તેના મોર–પોપટ ફરવા માંડે છે. અંધારી રાતમાં દીવડો ઝબકારા વેરે છે. અદ્ ભુતદશ્યખડું થાય છે અને આ મેરાયો ઘૂમાવતી નૃત્ય કરતી

ટોળી મેળાના સ્થળે ઉપડે છે. સાથે ફૂંકવાના ઢોલ પણ વગાડવામાં આવે છે.

### 3.10 ડાંગી નૃત્ય

પૂર્વ ગુજરાતનો આખો ઊભો પટ્ટો આદિવાસી વિસ્તાર છે. ઉપર સાબરકાંઠા, વચ્ચે પંચમહાલ અને નીચે છે ડાંગ વિસ્તાર. પણ એ આદિવાસી લોકોની સંસ્કૃતિ રીતરસમ નોખી અને અનોખી છે.

ડાંગી નૃત્યો 'ચાળો" તરીકે ઓળખાય છે. ''માળીનો ચાળો", "ઠાકરિયા ચાળો" જેવા ડાંગી નૃત્યના 27 જાતના તાલ છે. તેઓ ચકલી, મોર પરથી કે કાચબા જેવા પંખીઓ કે પ્રાણીઓની નકલ નૃત્ય સ્વરૂપે કરી દેખાડે છે. ડાંગના મહાલ વિસ્તારના ગીચ જંગલની ખીણમાં આવેલું ગામડું હોય, ચાંદની રાત હોય અને મહુડામાંથી કે ગોળમાંથી બનાવેલો દારૂ મળતો હોય તો ડાંગી લાગટ બાર–બાર કલાક નૃત્ય કરી શકે છે. ''માળીનો ચાળો" નૃત્યમાં ડાંગી પુરુષો ગોળાકારે ઊભા રહી જાય છે. તેમના ખભા પર બે જુદી જુદી સ્ત્રીના એક એક પગ હોય છે.

થાપી, ઢોલક, મંજીરા કે પાવરી નામનાં વાંજિત્રોમાંથી સૂરો વહેતા થાય એટલે સ્ત્રી–પુરુષો નાચવા માંડે છે. ''માળીનો ચાળો" નૃત્ય પૂરું થવા આવે ત્યારે સ્ત્રીઓ પુરુષના ખભા પરથી જમીન પર ઉતરી પડે છે અને પુરુષના શરીરને સ્પર્શી લે છે. જાણે કષ્ટ આપ્યા બદલ માફી માંગી લે છે.

## 4. ગુજરાતના નર્તકો

### 4.1 મૃણાલિની સારાભાઈ

દક્ષિણ ભારતમાં જન્મેલા પણ લગ્નથી ગુજરાતમાં આવેલા મૃણાલિનીબહેન ગુજરાતની સાંસ્કૃતિક પ્રવૃત્તિના ક્ષેત્રે સવાયાં ગુજરાતી બની રહ્યા. સુવિખ્યાત નૃત્ય ગુરુ મિનાક્ષી સુંદરમ્ પિલ્લાઈ પાસેથી તેમણે ભરતનાટ્યમની નૃત્યદીક્ષા લીધી હતી. આ ઉપરાંત તેમણે યુરોપિયન બેલે તેમજ અન્ય નૃત્ય શૈલીઓનો અભ્યાસ કર્યો હતો. શાંતિનિકેતનમાં પણ તેમણે નૃત્યદીક્ષા લીધી હતી. તેમના નૃત્યમાં ભરતનાટ્યમનું શુદ્ધ સ્વરૂપ જોવા મળતું હતું. નૃત્યનાટિકાઓના અનેકવિધ પ્રયોગોમાં તેમની વૈવિધ્યપૂર્ણ તજ્જ્ઞતાનો પણ પરિચય થતો હતો. પરંપરાગત અને નવીનતાનો સૌંદર્યલક્ષી સુમેળ કરતી તેમની નૃત્ય રચનાને કારણે અને તેમની સર્જનાત્મકતાને પરિણામે તેમને વારંવાર સન્માનિત કરવામાં આવ્યા હતા.

'દર્પણ' સંસ્થા નૃત્ય અને નાટ્યના ક્ષેત્રે ગુજરાતમાં નવું મોજું પ્રસરાવી ગુજરાતી પ્રજામાં આ કલાઓને લોકપ્રિય કરનાર અભિયાન સમી બની રહી છે.

### 4.2 મલ્લિકા સારાભાઈ

આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ગુજરાતનાં નૃત્યાંગના અને અભિનેત્રી મલ્લિકા સારાભાઈનો

જન્મ અમદાવાદમાં થયો. માનસશાસ્ત્રમાં પીએચ.ડી. અને એમ.બી.એ. જેવી ઉચ્ચ પદવી મેળવી 'દર્પણ'માં પ્રશિક્ષણ લઈ ભરતનાટ્યમ અને કૂચીપૂડી નૃત્યોમાં પ્રવીણતા મેળવી.

પ્રારંભે તેમણે ગુજરાતી, હિન્દી ચલચિત્ર ક્ષેત્રે અભિનય આપી તેમની કલાની પ્રતીતિ કરાવી. તેમને ગુજરાત સરકાર તરફથી કલાક્ષેત્રનો ગૌરવ પુરસ્કાર અપાયો.

તેમણે કલા વિશે વિવિધ પુસ્તકોના સંપાદન કર્યા છે. તેમણે ભારતીય કલાને વિદેશોમાં લોકપ્રિય બનાવી છે. યુરોપીય દેશો અમેરિકા, ચીન, પશ્ચિમિ એશિયા, આફ્રિકી દેશો અને ઑસ્ટ્રેલિયાના મોટા નગરોમાં તેમણે નૃત્ય પ્રદર્શનો પ્રયોજ્યા છે. તેમની બહુમુખી પ્રતિભામાં નૃત્યનિદર્શન અને નૃત્યકલા શિરમોર સમાન છે.

### 4.3 સવિતાબહેન મહેતા

મણિપુરી નૃત્યના ઉદ્‌ગમસ્થાન એવા મણિપુરની નૃત્ય અકાદમીમાં અભ્યાસ કરી 1955માં ડિપ્લોમા મેળવનાર સવિતાબહેન મહેતા સર્વપ્રથમ વિદ્યાર્થિની હતા. તે જ રીતે મણિપુરની બ્રહ્મસભામાં અભ્યાસ કરી તેમણે સ્નાતકોત્તર પદવી 'નર્તન આચાર્ય' મેળવી. લંડન યુનિવર્સિટીમાં કરેલા અભ્યાસથી પૂર્વ–પશ્ચિમનાં øષ્ટિબિંદુઓનો તેમનામાં સુમેળ થયો.

તેમને મળેલા અવૉર્ડોમાં મણિપુરના મહારાજા દ્વારા 'ઉત્તમ મણિપુરી નર્તક મહારાણી ધનમંજરી દેવી દ્વારા ''અમર ઉષા'', 'તાંડવ અને લાસ્ય'' માટે ''ચંદ્રપ્રભા', ગુજરાત રાજ્ય સંગીત નાટક નૃત્ય અકાદમી દ્વારા તામ્રપત્ર વગેરે મુખ્ય છે. ગુજરાતની 'વિશ્વગુર્જરી' સંસ્થાએ પણ તેમને અવૉર્ડથી નવાજ્યાં છે. માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વના અનેક દેશોમાં કાર્યક્રમો આપી તેમજ તેના શિક્ષણ દ્વારા સવિતાબહેન મહેતાએ ભારતના શાસ્ત્રીય મણિપુરી નર્તનને પુરસ્કાર્યુ છે.

### 4.4 કુમુદિની લાખિયા

કુમુદિની લાખિયા એટલે કથકનૃત્યના ક્ષેત્રે વિખ્યાત અને સન્માનીય નામ. લગ્ન સંબંધથી ગુજરાતને પોતાનું કરનાર કુમુદિનીબહેને કથકના ઉત્તમ ગુરુઓ પાસેથી કલાદીક્ષા મેળવીને પોતાની પ્રતિભાથી આ કલાને સવાઈ શણગારી.

મુંબઈમાં જન્મ અને શિક્ષણ. નૃત્ય પ્રત્યે જરાય રુચિ નહીં તેવા કુમુદિનીને માતાએ ખૂબ આગ્રહ કરીને નૃત્ય પંથે વાળ્યા. ચોપાટી પર સુંદર પ્રસાદ એમના પ્રથમ ગુરુ.

18 વર્ષની ઉંમરે વ્યાવસાયિક નૃત્યકારો, સંગીતકારો સાથે કામ કરવાનો અનુભવ મળ્યો. તેમણે અનેક દેશોમાં કાર્યક્રમો કર્યા. ભારતીય કલાકેન્દ્રમાં જોડાઈ કથકના સુપ્રસિદ્ધ કલાગુરુ શંભુ મહારાજ પાસે બે વર્ષ સુધી લખનઉ ઘરાનાની તાલીમ લીધી.

તેમણે દેશ–વિદેશના અનેક નગરોમાં નૃત્ય કાર્યક્રમ કરી વિશ્વભરમાં ભારતીય નૃત્યકલાને વિશિષ્ટ પ્રકારની પ્રતિષ્ઠા અપાવી. આજે અમદાવાદમાં તેમની કથક નર્તન શાળા 'કદમ્બ', નૃત્યકલાર્થીઓનું આકર્ષણ બની છે. સુપ્રસિદ્ધ હિન્દી ફિલ્મ 'ઉમરાવજાન' અને 'સૂરસંગમ'માં તેમણે

નૃત્ય દ્રશ્યોનું દિગ્દર્શન કર્યુ હતું.

ભારત સરકાર, ગુજરાત સરકાર અને પ્રજાના કેટલાય કલામંડળોએ તેમની કલાપ્રતિભાને વિવિધ પુરસ્કારોથી સન્માનિત કરી તેમનો આદર કર્યો છે. તેમાંના મુખ્ય છે : વર્લ્ડ થિએટર, વડોદરા (1972), ભારતીય સંગીત નાટ્યકલા અવૉર્ડ (1977), ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અવૉર્ડ (1979), કલારત્ન અવૉર્ડ, ભોપાલ (1982), નેશનલ અવૉર્ડ–નવી દિલ્હી, પદ્મશ્રી (1987), ઓમકારનાથ ઠાકુર, ગુજરાત રાજ્ય અવૉર્ડ (1990), નગરભૂષણ અવૉર્ડ–અમદાવાદ (1997), કાલિદાસ સન્માન, મધ્ય પ્રદેશ (2002).

કુમુદિનીબહેનની કલામાં શાસ્ત્રજ્ઞાન અને સર્જનાત્મક કલાપ્રતિભાનો અભિનંદનીય સુમેળ છે. નૃત્યકાર, નૃત્યગુરુ તેમજ નૃત્ય સંચાલન અને નૃત્યગીતના આકૃતિ નિર્માણમાં તો તેઓ આજે કથક ક્ષેત્રે ભારતભરમાં અદ્વિતીય ગણાય છે.

## 5. ભારતીય નર્તકો

### 5.1 પંડિત બિરજુ મહારાજ

બિરજુ મહારાજ લખનઉના કાલકા Bindadin ઘરાનાના એક અગ્રણી હિમાયતી અને પથદર્શક છે. સમગ્ર વિશ્વમાં ભારતીય કથક નૃત્યનો એક પરિચિત ચેહરો છે. તેમણે લગભગ વિશ્વના સમગ્ર દેશોમાં પોતાની કલાનું પ્રદર્શન કરેલ છે.

### 5.2 શ્રી શંભુ મહારાજ

ભારતીય શાસ્ત્રીય નૃત્ય શૈલી કથકનાં લખનઉ ઘરાના સાથે સંકળાયેલા હતા. તેમનું સાચું નામ શંભુનાથ મિશ્રા હતું. એમણે નૃત્યની શરૂઆતની તાલીમ એમના પિતા કાલકાપ્રસાદ મહારાજ પાસેથી મેળવી હતી. તે 1952માં કથક કેન્દ્ર દિલ્હી(ભારતીય કલા કેન્દ્ર)માં જોડાયા. તેમને નૃત્ય વિભાગના વડાની ઉચ્ચ પદવીની બઢતી મળી હતી.

એમને 1967માં સંગીત નાટક અકાદમી ફેલોશિપથી સન્માનિત કરવામાં આવ્યા. 1956માં એમને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા.

### 5.3 રૂક્મિણી દેવી અરૂંડેલ

રૂક્મિણી દેવી અરૂંડેલ નામાંકિત નૃત્યાંગના હતા અને ભરતનાટ્યમ, એક ભારતીય શાસ્ત્રીય નૃત્યશૈલીની નૃત્યનિર્દેશિકા (કોરિયોગ્રાફર) હતા. તેઓ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા. ભારતીય શાસ્ત્રીય સંગીતના પુન:જીવન માટે તેઓએ મહત્વનું યોગદાન આપ્યું છે. ભારતીય સંસ્કૃતિના ક્ષેત્રમાં તેમને  આગવું સ્થાન અપાવ્યું. એવું માનવામાં આવે છે કે રૂક્મિણી દેવીએ એ વખતના વડા પ્રધાન મોરારજી દેસાઈ દ્વારા કરવામાં આવેલા ભારતનાં રાષ્ટ્રપતિપદના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો હતો.

### 5.4 શોભના નારાયણ

શોભના નારાયણ એક કથક ઉસ્તાદ અને એક ઉત્કૃષ્ટ નૃત્યાંગના છે.તેઓ  ભારતના મહાન કલાત્મક અને સામાજિક પરંપરાઓનો એક અવતાર છે. તેમણે અભિવ્યક્તિ અને પરિમાણોના એક ઊંડા અને વિશાળપટલ (કૅનવાસ) દ્વારા સમૃદ્ધ એવી એક નવી અને અભિનવકલાની શૈલી બનાવી.

### 5.5 સોનલ માનસિંહ

સોનલ માનસિંહ સુવિખ્યાત ભારતીય શાસ્ત્રીય નૃત્યાંગના અને ભરતનાટ્યમ, કુચીપુડીના એક અગ્રણી પુરસ્કર્તા છે. એક નૃત્યાંગના હોવા ઉપરાંત, સોનલ માનસિંહ એક જાણીતા નૃત્યનિર્દેશિકા (કોરિયોગ્રાફર), શિક્ષક, વક્તા અને એક સામાજિક કાર્યકર છે. "શાસ્ત્રીય નૃત્ય" ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ તેમને ઘણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી પ્રશસ્તિ પ્રાપ્ત થઈ છે

### 5.6 યામિની કૃષ્ણમૂર્તિ

યામિની કૃષ્ણમૂર્તિ પ્રખ્યાત કુચીપુડી અને ભરતનાટ્યમ નૃત્યાંગના છે. તેમને કુચીપુડી નૃત્યશૈલીના પથદર્શક  તરીકે પણ ગણવામાં આવે છે. તેમણે સત્તર વર્ષની ઉંમરે, 1957માં એક નૃત્ય પ્રદર્શન દ્વારા પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો.

# 5. સંગીતકલા

## 1. પ્રસ્તાવના

ડી.એલ.એડ. દ્વિતીય વર્ષના સંગીત અભ્યાસક્રમની રચના કરવાની પ્રક્રિયા હાથ ધરવા માટે આપણે પગરવ માંડી રહ્યા છીએ. ભારતીય સંગીતના ભવ્ય સાંસ્કૃતિક વારસાનું જતન અને સંવર્ધન કરવા માટે આવનારી પેઢી તૈયાર થાય તેવો એક સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે. આ તબક્કે શિક્ષક તરીકે સંગીત વિષયની તેમજ શાસ્ત્રીય સંગીતની માત્ર સામાન્ય સમજ મેળવવી અનિવાર્ય બને છે. રોજિંદા અભ્યાસ સાથે સંગીત વિષયક પ્રાયોગિક તથા સૈદ્ધાંતિક જાણકારી હશે તો તેના દ્વારા અન્ય વિષયો સહજતાથી આત્મસાત્ કરી શકશે. કારણ કે સંગીત મનને આનંદિત અને તાજગીસભર રાખે છે. ભાવિ શિક્ષક તરીકે ડી.એલ.એડ્.ના તાલીમાર્થીઓ સંગીત વિષયને સમજે અને તેનો બાળકોને શિક્ષણ આપવાની પદ્ધતિ તરીકે ઉપયોગ કરી શકશે. અહીં આપેલ સંગીતની પ્રવૃત્તિઓ તાલીમાર્થીઓ માટે સંગીતનું પ્રાથમિક જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ઉદ્દીપક સમાન બની રહેશે. શિક્ષણના ક્ષેત્રમાં સંગીત વિષયના પ્રવેશ દ્વારા ક્રાંતિકારી પરિવર્તન લાવી શકાય તેવું વાતાવરણ નિર્માણ કરવામાં આ અભ્યાસક્રમ નિમિત્ત બનશે એવી આત્મશ્રદ્ધા સાથે બાળકનો સર્વાંગી વિકાસ કરવા માટે આપણે સૌ કટિબદ્ધ બનીએ.

## 2. જીવનમાં સંગીતનું સ્થાન

સમગ્ર સૃષ્ટિની કલ્પના સંગીત વિના કરવી મુશ્કેલ છે. માનવજીવનની વાત કરીએ તો જીવનની એક–એક ક્ષણ સંગીતમય છે. સંગીત એટલે ફક્ત રાગ, તાલ, કે નૃત્ય નહીં પરંતુ સંગીત એટલે જીવન.

આપણા હૃદયની ગતિ, ધબકારા નિયમિત લયબદ્ધ હોય છે. બાળક જન્મથી તેની સમગ્ર જિંદગી દરમિયાન સંગીત સાથે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સંકળાયેલું, વણાયેલું હોય છે. જન્મની વધાઈ વખતે સંગીત, નામકરણ વખતે સંગીત, લગ્નપ્રસંગે સંગીત, દરેક સારા–માઠા પ્રસંગે સંગીત અનિવાર્ય છે. સારા પ્રસંગે સંગીત દ્વારા ઉત્સાહ તથા આનંદ મળે છે. માઠા પ્રસંગે સંગીત દ્વારા સાંત્વના મળે છે.

દરેક કોમ તથા ધર્મમાં સંગીત વણાયેલું છે. સંગીત આવશ્યક છે પણ તેને પ્રસ્તુત કરવાની પદ્ધતિ અલગ–અલગ હોય છે.

આપણે ત્યાં બધા જ લોકોને શાસ્ત્રીય સંગીત પસંદ આવે તેવુ શક્ય નથી. પરંતુ લોકસંગીત, ફિલ્મી સંગીત તો પસંદ આવે જ છે. જુદી જુદી અવસ્થા દરમિયાન સંગીતની પસંદગી બદલાતી હોય છે. યુવાનીમાં ગઝલ, ફિલ્મી સંગીતનો પ્રભાવ વધુ જોવા મળે છે, જ્યારે વૃદ્ધાવસ્થામા ભક્તિસંગીતનો પ્રભાવ વધુ જોવા મળે છે. નાના બાળકની વાત કરીએ તો તેને સુવડાવવા માટે માતા જ્યારે હાલરડું ગાય છે ત્યારે બાળક શાંતિથી ઊંઘી જાય છે. શાળામાં દાખલ

થાય ત્યારે જોડકણાં, બાળગીતો દ્વારા સંગીતને માણે છે. ઘરમાં પણ પૂજા–આરતી વખતે સંગીતનો ઉપયોગ થાય છે. મંદિર, ગુરુદ્વારા, દેરાસર, દેવળમા પણ સંગીત અનિવાર્યપણે સાંભળવા મળે છે. આપણે પક્ષીઓનો કલરવ સાંભળીએ છીએ તેમાં પણ સંગીત છે. વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયેલી બાબત છે કે સંગીત દ્વારા માનસિક તાણ, થાક દૂર થાય છે અને એક પ્રકારની સ્ફૂર્તિ મળે છે.

પશુઓમાં પણ સંગીતની અસર જોવા મળે છે. ગાયોને દોહતી વખતે સંગીત સંભળાવતાં તે વધુ દૂધ આપે છે, જે વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા વધુ સિદ્ધ થયું છે. માનવીના અસાધ્ય રોગો પણ સાધ્ય થયાના પ્રયોગો છે.

ગાયન વખતે શ્વાસોચ્છ્ વાસની ક્રિયાથી પ્રાણાયામ થાય છે, જેથી ફેફસાં મજબૂત બને છે. વાદ્ય વગાડવામાં અને નૃત્ય કરવામાં શરીરના વિવિધ સ્નાયુઓને કસરત મળે છે.

આમ, સૃષ્ટિના તમામ જીવોમાં સંગીત અનિવાર્ય છે.

**લોકસંગીત તથા શાસ્ત્રીય સંગીત**

લોકસંગીત એટલે લોકો દ્વારા લોકમુખથી રચાયેલું સંગીત. આપણા દેશ તથા રાજ્યોમાં લોકસંગીતની અનેક વિવિધતા જોવા મળે છે. દરેક ગામ, શહેર, રાજ્યની લોકસંગીતની પરંપરા અલગ–અલગ હોય છે.

આપણા દરેક તહેવાર–ઉત્સવમાં લોકસંગીત વણાયેલું છે. દરેક પ્રસંગને અનુરૂપ લોકગીતો સાંભળવા ગમે છે. અલગ–અલગ કોમના – ધર્મના લોકોનું પણ આગવું લોકસંગીત છે.

લોકસંગીત કોઈ સ્વરકાર દ્વારા સ્વરબદ્ધ થયેલું સંગીત નથી. આપણા સમાજની અલગ અલગ પરિસ્થિતિમાંથી ઉd`ભવેલું સંગીત છે. લોકો પ્રસંગાનુસાર પોતાની અભિવ્યક્તિ લોકસંગીત દ્વારા વ્યક્ત કરે છે. લોકસંગીતમાં સ્વતંત્ર વાદ્યસંગીત તથા સ્વતંત્ર લોકનૃત્યનો સમાવેશ થાય છે. આદિવાસી વિસ્તારમાં આદિવાસી ભાઈ–બહેનો અલગ–અલગ પ્રકારનાં લોકનૃત્યો રજૂ કરે છે. ગરબા પણ લોકનૃત્યનો પ્રકાર છે. રાસ પણ લોકનૃત્યનો પ્રકાર છે. તેમાં શબ્દ, સૂર, તાલ – લય સમગ્ર રીતે વણાયેલાં છે.

લોકસંગીતમાંથી કેટલાક રાગોનો પણ ઉદ્ ભવ થયો છે. લોકધૂનો કે જેમાં પહાડી, માંડ, સોરઠ રાગનો સમાવેશ થાય છે.

લોકસંગીતને રાગના નિયમોનું બંધન નથી.

શાસ્ત્રીય સંગીત સૂર, લય, તાલ, રાગ ઈત્યાદિ નિયમોથી બદ્ધ છે. શાસ્ત્રને આધારે તેમાં ગાયન–વાદન થાય છે. શાસ્ત્રીય સંગીતમાં શિસ્તબદ્ધ રાગ વિસ્તાર કરવામાં આવે છે. દરેક રાગનો સમય, સ્વર, વિસ્તાર નિશ્ચિત છે. લોકસંગીત આ બધી બાબતોથી મુક્ત છે.

લોકસંગીતમાં અનેક પરંપરા જોવા મળે છે. પરંતુ તેમાં કોઈ શાસ્ત્ર બંધન નથી. શાસ્ત્રીય

સંગીતમાં શૈલીઓની વિશિષ્ટતા ધ્યાનમાં રાખીને તેની પ્રસ્તુતિ થાય છે.

લોકસંગીતમાં ખાસ કરીને આપણા ગુજરાતમાં ખાયણ, દુહા, છંદ, હાલરડા, લગ્નગીતો, રાસ–ગરબા, વગેરેનો સમાવેશ થાય છે. શાસ્ત્રીય સંગીતમાં ખ્યાલ, F\&પદ, ધમાર, ટપ્પા, ઠુમરી, કજરી વગેરેનો સમાવેશ થાય છે.

લોકસંગીતમાં હીંચ, કહેરવા, દાદરા, દીપચંદી જેવા તાલનો ઉપયોગ કરવામાં આવે છે. શાસ્ત્રીય સંગીતમાં ચૌતાલ, ધમાર, ત્રિતાલ, વિલંબિત એકતાલ, ઝપતાલ જેવા તાલનો સવિશેષ ઉપયોગ કરવામાં આવે છે.

લોકસંગીતમાં ઢોલ, નગારું, ઢોલક, શહનાઈ, ડમરું, જોડિયા પાવા, રાવણહથ્થો, કરતાલ, મંજિરા, વાંસળી જેવા વાદ્યોનો ઉપયોગ થાય છે. શાસ્ત્રીય સંગીતમાં તાનપુરો, તબલાં, પખવાજ, મૃદંગ, સારંગી, વાયોલિન, સિતાર, હાર્મોનિયમ, રુદ્રવીણા, સરોદ જેવા વાદ્યોનો ઉપયોગ થાય છે.

લોકસંગીત સમૂહરૂપે પણ રજૂ કરવામાં આવે છે. જ્યારે શાસ્ત્રીય સંગીત જુગલબંધી કે વ્યક્તિગત રૂપે વિશેષ રજૂ કરવામાં આવે છે.

લોકસંગીત લોકો વચ્ચે, લોકો દ્વારા વિકસિત થયું છે. જ્યારે શાસ્ત્રીય સંગીત અમુક ચોક્કસ વર્ગમાં અને રાજદરબારમાં વિકાસ પામતું રહ્યું છે. શાસ્ત્રીય સંગીતને રાજ્યાશ્રમ પણ મળતો હતો.

ટૂંકમાં લોકસંગીત લોકો દ્વારા અને શાસ્ત્રીય સંગીત શાસ્ત્રને આધારે વિદ્વાનોએ વિકસાવેલી કળા છે. આમ છતાં, દરેક શાસ્ત્રીય સંગીતનો કલાકાર, સમાજનું જ એક અંગ હોઈ, પોતાના કાર્યક્રમ દરમિયાન કોઈને કોઈ રીતે લોકધૂન, ગીત કે ભજનની રજૂઆત અવશ્ય રીતે કરે છે.

**શિક્ષણમાં સંગીતનું મહત્વ:**

જીવનમાં દરેક પ્રસંગે સંગીતનું મહત્વ છે, એમ શિક્ષણમાં પણ સંગીતનું મહત્વછે. શાળાશિક્ષણની શરૂઆતથી બાળમંદિરમાં બાળગીતો, જોડકણાં શીખવવામાં આવે છે. જોડકણાંમાં બુદ્ધિગમ્ય, પ્રેરણાત્મક વાતો પણ હોય છે, પરંતુ તેને પ્રત્યક્ષ રીતે ન ભણાવતા સંગીત દ્વારા ભણાવવામાં આવે છે. બાળગીતોમાં પણ કંઈક સંદેશ હોય છે. તેને પણ સંગીત દ્વારા અભિવ્યક્ત કરવામાં આવે છે. જેથી બાળકોમાં મસ્તી અને મનોરંજન દ્વારા માહિતીનું સિંચન થાય છે.

વૈદિક સમયમાં ઋષિમુનિના આશ્રમમાં વિદ્યાર્થી ભણવા જાય ત્યારે ત્યાં પણ સંગીત શીખવવામાં આવતું હતું. હોમ–હવન દરમિયાન જે કાંઈ મંત્રોચ્ચાર થતાં તે બધાં છંદબદ્ધ રીતે ગાવામાં આવતા હતા. આ દ્વારા છંદશાસ્ત્રનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવામાં આવતું હતું. રાજા–

મહારાજાઓના સંતાનોને અન્ય શિક્ષણની સાથે સંગીતનું શિક્ષણ પણ ખાસ આપવામાં આવતું હતું.

સંગીત શિક્ષણને લીધે વિદ્યાર્થીઓમાં શિસ્તબદ્ધતા પણ આવે છે. લય, તાલ, સૂર અને શિસ્તનાં પ્રતીક છે. સામૂહિક ગાયન–વાદન દ્વારા કેવી રીતે વર્તવું એનું એક પ્રકારનું શિક્ષણ આપવામાં આવે છે.

શિક્ષણમાં સંગીતને સ્થાન આપવાથી વિદ્યાર્થીઓમાં કલાસૂઝ કેળવાય છે અને વિકસે છે. આપણા જીવનમાં સંગીત શિક્ષણ એક પ્રકારના સંસ્કારનું સિંચન કરે છે. આજના સમયમાં વિદ્યાભ્યાસ સાથે સંગીત શિક્ષણ વિદ્યાર્થીઓમાં એક નવો ઉત્સાહ – જોમ પૂરાં પાડે છે. ભણવાની ચિંતામા એક પ્રકારની રાહત અનુભવાય છે. શાળાઓમાં વિવિધ પ્રકારનાં ગીતોની હરિફાઈ અને કૉલેજમાં યુવક–મહોત્સવ દ્વારા વિદ્યાર્થીઓ શ્રોતાવર્ગ સમક્ષ રજૂઆત કરવા માટે કેળવાય છે અને ખેલદિલીના પાઠ પણ શીખે છે.

મહાત્મા ગાંધીએ પણ સત્યાગ્રહ આશ્રમમાં અને ગાંધી વિચાર પ્રમાણે ચાલતી તમામ શિક્ષણ સંસ્થાઓમાં સંગીત શિક્ષણનો આગ્રહ રાખ્યો હતો.

આજે સંગીત શિક્ષણ માટે સંસાધનો પણ પ્રાપ્ત થયાં છે. જેમાં ઑડિયો–વિડીયો કૅસેટ્સ, સી.ડી, ટી.વી, રેડિયો, વિવિધ પત્રિકાઓ, પુસ્તકો ગણાવી શકાય.

આમ, શિક્ષણમા સંગીતને યોગ્ય મહત્વઆપવાથી વિદ્યાર્થીઓમાં –

1. સંગીતકલાની સૂઝ કેળવાય છે.
2. આપણો કલા–સંસ્કાર વારસો સચવાઈ રહે છે.
3. રાષ્ટ્રીય એકતાની ભાવના પણ કેળવાય છે. કારણ કે શાળા કક્ષાએ કોઈ ઊંચ–નીચ કે ધર્મના ભેદભાવ હોતા નથી. સર્વધર્મ પ્રાર્થનાનો હેતુ પણ એજ છે.
4. વિદ્યાર્થીઓમાં રજૂઆતની નિર્ભયતા અને ખેલદિલીનું સિંચન થાય છે.
5. સંગીતકલાનો પ્રસાર થાય છે અને તેનો વ્યાપ વધે છે.

આમ, શિક્ષણમાં બુદ્ધિની કેળવણીની સાથે સાથે હૃદયની સંવેદના, સંસ્કાર અને ભાવનાઓનો પણ વિકાસ થવો જોઈએ, જે સંગીત દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

## 3. ગુજરાતનું લોકસંગીત અને તેના પ્રકારો

### 3.1 ગરબા

ગુજરાતમાં માતાજીના તેમજ કૃષ્ણલીલાના વર્ણનવાળા ઐતિહાસિક કે કુટુંબજીવન પર આધારિત ગીત, જે તાલ, હીંચ કે કહેરવામાં બહેનો સાથે મળી હાથથી તાળી આપીને ગાય છે. તેવાં ગીતોને ગરબા કહે છે. ગુજરાતના ગરબા હવે તો આંતરરાષ્ટ્રીય લોકનૃત્યમાં પણ સ્થાન પામ્યા છે.

### 3.2. રાસ

સામાન્ય રીતે ગરબા જેવા ઢાળવાળાં ગીતો, જેમાં કૃષ્ણલીલાનું વર્ણન હોય છે તે વિલંબિત કે  ધ્રુત લયમાં હીંચમાં ગવાય છે. તેને રાસ કહે છે. રાસ ગાતી વખતે દાંડિયાનો ઉપયોગ થાય છે. ઘણીવાર આવા રાસ મંજીરા કે ટિપ્પણીનો ઉપયોગ કરીને ગવાય છે.

### 3.3 હાલરડાં

નાના બાળકોને ઊંઘાડવા માટે બહેનો જે ગીતો ગાય છે તેને હાલરડાં કહે છે.

### 3.4 લગ્નગીત

ગુજરાતમાં લગ્નપ્રસંગે લગ્નની વિધિ પ્રમાણે જે ગીતો ગવાય છે તેને લગ્નગીત કહે છે. આ ગીતો લગ્નની કંકોતરીથી માંડીને કન્યા વિદાય સુધીના પ્રસંગોને અનુરૂપ હોય છે.

### 3.5 છંદ

નક્કી કરેલા અક્ષરો કે માત્રાઓ પ્રમાણે શબ્દોની કાવ્યરચના થાય છે તેને છંદ કહે છે. લોકગીતોમાં ઝૂલણાં, લલિત વગેરે છંદો સંગીતમય ઢાળમાં ગવાય છે. ખાસ કરીને ગઢવી લોકો છંદનો વિશેષ પ્રયોગ કરે છે.

### 3.6 દુહા

લોકગીતોમાં દુહા એ એક એવો પ્રકાર છે જેમાં મનુષ્યજીવનના અનેક પ્રસંગો તેમજ પ્રદેશની વિવિધ વાતોનું વર્ણન કરવામાં આવે છે.

### 3.7 મરસિયા

વ્યક્તિના મૃત્યુ વખતે તે પ્રસંગને અનુરૂપ શબ્દો સાથે હૃદય–ભેદક સ્વરે ગવાતાં ગીતોને મરસિયા કહે છે.

### 3.8 ધોળ

સ્વામિનારાયણ અને વૈષ્ણવ સંપ્રદાયમાં અમુક નક્કી કરેલા ઢાળમાં ગવાતા ભક્તિગીતોને ધોળ કહે છે. ધોળ એ કીર્તન–પ્રકાર છે.

### 3.9 ભજન

ભજનનાં કાવ્યોમાં ઈશ્વરસ્તુતિ કે ત_વચિંતનનું વર્ણન હોય છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, કબીર, તુલસીદાસ જેવા અનેક કવિ–કવિયત્રીઓના લખેલાં ભક્તિગીતો જે પરંપરાગત ઢાળમાં ગવાય છે, તેને ભજન કહે છે.

આ ઉપરાંત રામગરી, પ્રભાતિયાં, ખાયણા, ગરબી, રાસડા વગેરે લોકગીતો પણ ગુજરાતમાં પ્રચલિત છે.

## 4. સુગમ સંગીત

સંગીતમાં બે પ્રકાર પ્રચલિત છે : લોકસંગીત અને શાસ્ત્રીય સંગીત. લોકસંગીત કોઈ સ્વરકાર દ્વારા સ્વરબદ્ધ થયેલું સંગીત નથી જ્યારે શાસ્ત્રીય સંગીતમાં ચોક્કસ સ્વરો, જુદા જુદા રાગ પ્રમાણેની સ્વર યોજના દ્વારા તૈયાર થયેલ ગાયન હોય છે.

આ બંને પદ્ધતિમાંથી સુગમ સંગીતનો ઉદ્ ભવ થયો છે. સુગમ સંગીત શાસ્ત્રીય રાગ આધારિત હોય તોપણ તેમાં શાસ્ત્રીય સંગીત જેવી ચોક્કસ સ્વરરચના હોતી નથી. સુગમ સંગીતમાં હળવા કંઠથી ગાયન કરી શકાય છે. સુગમ સંગીતના પ્રકારોમાં કવિતાઓ, સાદા ગીતો, ગીત, સમૂહગીતો, પ્રાર્થનાઓ, ગઝલ વગેરે જેવું હળવું કંઠ્ય સંગીત હોય છે. જેનું સરળ સ્વર, રાગ અને લયમાં ગાયન કરી શકાય છે. આ પ્રકારનું સંગીત સુગમ સંગીત તરીકે પ્રચલિત છે.

## 5. શાસ્ત્રીય સંગીત પારિભાષિક શબ્દોનો પરિચય

### 5.1 ગીતના અવયવો

ગીતના અવયવો એટલે ગીતના વિભાગ અથવા અંગ. સામાન્ય રીતે ગીતના બે અવયવ જોવા મળે છે : સ્થાયી અને અંતરા. પરંતુ ધ્રુપદ, ધમાર, પ્રબંધ પ્રકારોમાં વિશેષ કરીને આથી વધુ અવયવ જોવા મળે છે. ગીતના અવયવ જુદા પાડવાથી ગાવામાં અને ગીતની સ્વરરચના કરવામાં સરળતા રહે છે. ગીતના અવયવો નીચે મુજબ છે :

**સ્થાયી :** ગીતના પહેલા વિભાગને સ્થાયી કહે છે. સામાન્યતઃ સ્થાયીની સ્વરરચના મંદ અને મધ્ય સપ્તકના સ્વરોમાં વિશેષ જોવા મળે છે.

**અંતરા :** ગીતના બીજા વિભાગને અંતરા કહે છે. અંતરાની રચનામાં મધ્ય સપ્તક અને તાર સપ્તકના સ્વરોનો વિશેષ ઉપયોગ થાય છે.

**સંચારી :** અંતરા પછીનો ત્રીજો ભાગ સંચારી તરીકે ઓળખાય છે. જેમાં સ્થાયીની જેમ મંદ અને મધ્ય સપ્તકમાં ગમક અને મીંડ સાથેનું ગાયન થાય છે.

**આભોગ :** ગીતના ચોથા વિભાગને આભોગ કહે છે. તેની સ્વરરચના મુખ્યત્વે અંતરા જેવી હોય છે. તેમાં તાર સપ્તકમાં જેટલું ઊંચે જઈ શકાતું હોય તેટલું જઈ શકાય છે.

### 5.2 લય અને તેના પ્રકારો

સંગીતમાં સમયની એકસરખી ગતિને અથવા સમાન અંતરવાળી ગતિને લય કહે છે. લયના ત્રણ પ્રકાર છે. (1) વિલંબિત લય: (2) મધ્ય લય: (3) દ્રુત લય:

**વિલંબિત લય :** એકદમ ધીમી ગતિને વિલંબિત લય કહે છે.

**મધ્ય લય :** નહીં ધીમી કે તેજ ગતિને મધ્ય લય કહે છે.

દ્રુત લય : ઉતાવળી કે તેજ ગતિને દ્રુત લય કહે છે.

સામાન્ય રીતે મધ્ય લયમાંથી અડધી તે વિલંબિત લય અને મધ્ય લયથી બમણી ગતિને દ્રુત લય કહે છે. જરૂરિયાત મુજબ તેમાં વધઘટ કરી શકાય છે.

## 6. તાલ–રાગ

### 6.1 તાલ પરિચય

**તાલ : રૂપક**

માત્રા : 7 ખંડ : 3 (દરેક 3, 2, 2 માત્રાના)

તાલી : 4, 6, માત્રા ઉપર ખાલી, 1 માત્રા ઉપર

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| માત્રા | **1** | **2** | **3** | **4** | **5** | **6** | **7** |
| બોલ | તીં | તીં | ના | ધીં | ના | ધીં | ના |
| ચિહ્ન | 0 | | | 2 | | 3 | |

**તાલ : હીંચ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રકાર–**1** | ધીં | તા | તીતાં | તીંતા | તીતા |
| પ્રકાર–2 | ધીં | ના | ગીના | તીંના | ગીના |

### 6.2 રાગ પરિચય

**રાગ ભૂપાલી – પ્રાથમિક માહિતી**

થાટ : કલ્યાણ

સ્વર : બધા સ્વરો

વર્જ્ય સ્વર : મ અને નિ

જાતિ : ઔડવ – ઔડવ

વાદી સ્વર : ગ

સંવાદી સ્વર : ધ

ગાવાનો સમય : રાત્રિનો પ્રથમ પ્રહર

રાગ પ્રકૃતિ : શાંત અને ગંભીર

આરોહ : સા રે ગ પ ધ સાં

અવરોહ : સાં ધ પ ગ રે સા

પકડ : પગ, ધપગ, રેગ, રેસા

## 7. પ્રોજેક્ટ કાર્ય

7.1 સુપ્રસિદ્ધ ભારતીય ફિલ્મ સંગીતકારો અને ગાયકોમાંથી પસંદ કરીને તેમના વિશેની માહિતી, ફોટા એકત્રિત કરી પ્રોજેક્ટ તૈયાર કરો.

7.2 સંસ્થામાં તાલીમાર્થીઓ દ્વારા સંચાલિત સંગીત કાર્યક્રમનું આયોજન કરવું, જેમાં તાલીમાર્થીઓ દ્વારા સંગીતની કૃતિ રજૂ થાય.

## પરિશિષ્ટ

### · લોકગીત ·

સોના વાટકડી રે, કેસર ઘોળ્યાં વાલમિયાં
લીલો છે રંગનો છોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં

પગ પરમાણે કડલા સોઈ રે વાલમિયાં
કાંબિયુની બ–બે મારે જોડ રંગમાં રોળ્યાં વાલમિયાં

હાથ પરમાણે ચૂડલા સોઈ રે વાલમિયાં
ગુજરીની બ–બે મારે જોડ રંગમાં રોળ્યાં વાલમિયાં

નાક પરમાણે નથણી સોઈ રે વાલમિયાં
ટીલડીની બ–બે મારે જોડ રંગમાં રોળ્યાં વાલમિયાં

ડોક પરમાણે હારલા સોઈ રે વાલમિયાં
તુલસીની બ–બે મારે જોડ રંગમાં રોળ્યાં વાલમિયાં

### · ગરબો ·

મા પાવા તે ગઢથી ઉતર્યા મા કાળી રે

મા એ વસાવ્યું ચાંપાનેર, પાવાગઢ વાળી રે
મા ચાંપા તે નેરના ચાર ચૌટા મા કાળી રે
સોની એ માંડયા હાર, પાવાગઢ વાળી રે...
મા સોનીડો લાવે રૂડાં ઝૂમખાં મા કાળી રે
મારી મા અંબેમાને કાજ પાવાગઢ વાળી રે
મા માળી તે આવે મલપતો મા કાળી રે
એ લાવે ગજરાની જોડ, પાવાગઢ વાળી રે
મા કુંભારી આવે મલપતો મા કાળી રે
એ લાવે ગરબાની જોડ પાવાગઢ વાળી રે
મા સુથારી આવે મલપતો મા કાળી રે
એ લાવે બાજઠની જોડ, પાવાગઢ વાળી રે.

### · અભિનય બાળગીત ·

જંગલ કેરા પ્રાણીઓની છૂક છૂક ગાડી ચાલી
સૌથી આગળ કાળો હાથી એંજિન એ કહેવાય
હાથી ઉપર બેઠું સસલું ડ્રાઈવર એ કહેવાય
મોટા મોટા ફળ એ હાથીને દેતું જાય
જંગલ આખું ધમ ધમ થાતું પક્ષીઓ ગભરાય
જંગલ કેરા પ્રાણીઓ..

લાંબી ડોકે જિરાફભાઈ જંગલ જોતા જાય,
વરુ અને શિયાળ એના પગમાં અથડાય
કાણી આખેં કાગડાભાઈ જંગલ જોતા જાય
હરણ અને સાબર ઠેકડા મારતા જાય
જંગલ કેરા પ્રાણીઓ..

કોટ પહેરી વાંદરાભાઈ ડબ્બે ડબ્બે જાય
પાંદડાંની ટિકિટ તપાસે ચેકર એ કહેવાય
સૌથી પાછળ ઝંડી લઈને રીંછભાઈ જાય
પી પી સીટી વગાડે, ગાડી ઉપડી જાય
જંગલ કેરા પ્રાણીઓ..

### · ઋતુગીત ·

ફાગણ ફોરમતો આયો આયો રે આયો, ફાગણ ફોરમતો આયો
એને રંગે મલક રંગાયો, રંગાયો ફાગણ ફોરમતો આયો

લાલ લાલ લાલ લાલ રંગ પેલો કેસૂડાનો, સર પર તર પથરાયો
ઋતુઓનો રાજા પેલો ફાગણ ઓગણ આવી, અલબેલો લહેરાયો રે   આયો..

ચારેકોરે ઘૂમતા ઘેરૈયા લઈ પિચકારી, હોળીનો ગુલાલ રંગાયો.
સરરર રંગ છૂટે લાડકણા લ્હાણ લૂટે, ઉરમા ઉમંગ છવાયો રે   આયો...

છોરી છોરાં જોરી જોરા કરતા જીમેરી જોરા, ફાગણ લેત વધાયો
હરખ હરખ ઘેલા હેતમાં હરખ ઘેલા, લૂટે લહાન લૂટાયો રે    આયો..
ફાગણ ફોરમતો આયો...

**· છંદ ·**

અષાઢ ઉચારં મેઘ મલ્હારં
બની બહારં જલ ધારમ
દાદૂર ડંકારં મયૂર પુકારં
તડી તા તારં વિસ્તારમ
ના નહિ સંભારમ પ્યાર અપારં
નંદ કુમારી નિરખ્યા હરિ
કહે રાધે પ્યારી મે બલિહારી
ગોકુળ આવો ગિરધારી

રણશીંગા વાગે, સૂતા જાગે, કાયર ભાગે, કામ પડે
ધમધમ ધરતી, ફોજુ ફરતી, વિનાશ કરતી તેગ વડે
જનનીના જાયા, કવિએ ગાયા, લોક વીરલા કોક જડે
મેદાન મરવા, અવસર વરવ, મરદ કસુંબલ રંગ ચડે

**· ભજન ·**

મેરુ રે ડગે જેના મન નો ડગે પાનબાઈ
મરને ભાંગી રે પડે ભરમાંડ રે..
વિપદ પડે પણ વણસે નહિ
ઈ તો હરિજનના પરમાણ રે..  મેરુ તો..
ભાઈ રે હરખ ને શોકની
ના’વે જેને હેડકી ને
શીશ તો કર્યા કુરબાન રે..
સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે

જેણે મેલ અંતરના માન રે..   મેરુ તો..
ભાઈ રે નિત્ય રે'વુ સતસંગમાં ને
જેને આઠે પોરે આનંદ રે
સંકલ્પ વિકલ્પ એકે નહી ઉરમાં
જેણે તોડી નાખ્યો માયા કેરો ફૂંદ રે  મેરુ તો..
ભાઈ રે ભગતિ કરો તો એવી રીતે કરજો પાનબાઈ
રાખજો વચનમાં વિશ્વાસ રે
ગંગાસતી એમ બોલીયા રે'તમે થાજો સત ગુરુજીના દાસ રે  મેરુ તો..

## · શાળાગીત ·

રોજ નિશાળે જઈએ અમે રોજ નિશાળે જઈએ
ગાતાં રમતાં અક્ષર સાથે ઓળખાણ કરી લઈએ    રોજ નિશાળે..
સાંભળી બોલી લખી વાંચીને ભઈલા ભાષા ભણીએ
સંખ્યાઓને સમજી સમજી ઝટપટ ગણિત ગણીએ
પવન, ઝાડ, પુષ્પોની સંગે રમતા ઘેલા થઈએ    રોજ નિશાળે..
ભણતરનો ના ભાર જરાયે, ભણતર બિલકુલ સહેલું
તરંગ અને ઉલ્લાસની સાથે એમાં જ્ઞાન ભરેલું
હોંશે હોંશે ભણતા ભણતા ધ્યાન રમતાં દઈએ    રોજ નિશાળે..
ભારત દેશમાં આપણે સહુએ ભણવાના અધિકારી
ભાઈઓ–બહેનો સૌને માટે ખુલ્લી નિશાળ બારી,
નવું નવું નિત જાણી લેવાનો લહાવો લૂટીં લઈએ    રોજ નિશાળે..
(બાળસૃષ્ટિ – ગુ. રા.પા.પુ. મંડળમાંથી)

## · સમૂહગીત ·

પંખીઓએ કલશોર કર્યો ભાઈ ધરતીને સૂરજ ચૂમ્યો
કુથલી લઈને સાંજનો સમીર આજ વને વન ઘૂમ્યો
વને વન ઘૂમ્યો
પ્રગટયા દીવા કંઈક ચપોચપ ઊઘડી ગગન બારી.... ઊઘડી ગગન બારી.... ઊઘડી ગગન બારી
નીરખે આભને આતુર આંખો દોશી આવી દિગનારી .. .. દિગનારી..
પંખીએ કલશોર.. .. ..
ખુલ્લી પડેલી પ્રીતનો અરથ કળીએ કળીએ જાણ્યો,
કળીએ કળીએ જાણ્યો.. .. કળીએ કળીએ જાણ્યો
શરમની મારી ધરણીએ કાળી રાતનો ઘૂંમટો તાણ્યો... .. .. ઘૂમટો તાણ્યો.. ..
પંખીએ કલશોર... .. ..
રાતડીના અંધકારની ઓથે નીંદરે અંતર ખોલ્યાં....
નીંદરે અંતર ખોલ્યાં....નીંદરે અંતર ખોલ્યાં....
કૂચી લઈને અભિલાષની સોનલ હૈયે શમણાં ઢોળ્યાં.. .. હૈયે શમણાં ઢોળ્યાં.. .. ..
પંખીએ કલશોર.. .. ..

## · દુહા ·

એ.. .. સાથે ધેનુ ચારતાં ગાતા રૂડાં ગીત
બાળપણાંની પ્રીત, સીદને કરાવી શામળા
એ.. .. એ સોરઠ ધરા સોહામણી, ઊંચો ગઢ ગીરનાર, વાદળથી વાતુ કરે
સાવજડા સેંજળ પીવે, એના નમણાં નર ને નાર
એ.. .. શિયાળે સોરઠ ભલો, ઉનાળે ભલી ગુજરાત
વર્ષા એ વાગડ ભલો, કચ્છડો બારેમાસ
એ. .. વા ફરે વાદળ ફરે, ફરે નદીના પૂર
શૂરા બોલ્યાં નવ ફરે ભલે પશ્ચિમે ઊગે સૂર

## · મરસિયા ·

તોરણ જાતા તને, અમે પ્રેમે પોંખ્યો નહીં
જમના હાથે જઈ, તને આપી દીધો ઉગલા
મળી તુને મા કઠણ હૈયાની કોઈ
જમ ઘેરે જાતો મને આસુંય પડયું નૈ ઉગલા
દીકરા જેવી દેહ મે તો જાજરમાન જાતી કરી
એવુ કઠણ હૈયુ કરી તને આપી દીધો ઉગલા
પણ અમે જાણ્યું ચેલૈયાને પરણાવીશું
અને જાડેરી જોડીશું જાન
પણ ઓચિંતાના મરણ આવીયા,
સરગે ઉતર્યા મહેમાન

## · ગીત ·

માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો
જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો.. ..          કંકુ ખર્યું.. .. ..
મંદિર સરજાયું ને ઘંટારવ ગાજ્યો
બ્રહ્મનો ચંદરવો મા એ આંખ્યું મા આંજ્યો
દિવે તારા મંદિરનો ચાંદો આવી પૂગ્યો.. .          કંકુ ખર્યું.. .. ..
માડીની કોટ મા તારાના મોતી
જનનીની આંખ્યું મા પૂનમની જ્યોતિ
છડી રે પોકારી માની મોરલો ટહુક્યો..     કંકુ ખર્યું.. .. ..
નારતાના રથના ઘૂઘરા બોલ્યા
અજવાળી તારે માથે અમૃત ઢોળ્યાં
ગગનનો ગરબો માના ચરણોમાં ઝૂક્યો.. કુંકુ ખર્યું.. .. ..

## · હાલરડું ·

ભઈલો મારો ડાહ્યો
હાલા રે વાલા મારા ભઈલાને
હાં.. હાં.. હાં.. હાં..

ભઈલો મારો ડાહ્યો
પાટલે બેસી નાહ્યો
પાટલો ગયો ખસી
ભઈલો પડયો હસી
હાલા રે વાલા મારા ભઈલાને
હાં.. હાં.. હાં.. હાં..

ભાઈ મારો છે સાગનો સોટો
આવતી વહુનો ચોટલો મોટો
ભાઈ મારો છે વણઝારો
એને શેર સોનું લઈ શણગારો
હાલા રે વાલા મારા ભઈલાને
હાં.. હાં.. હાં.. હાં..

## • રાષ્ટ્રીય ચેતના ગીત •

हिन्द देश के निवासी सभी जन एक है
रंग-रुप, वेश, भाषा चाहे अनेक है

बेला, गुलाब, झूही, चंपा, चमेली
प्यारे प्यारे फूल, गुथें, माला में एक है

कोयल की कुक न्यारी, पपीहे की देर प्यारी
गा रही तराना बुलबुल, राग मगर एक है

गंगा, यमुना, ब्रह्मपुत्रा, कृष्णा, कावेरी
जाके मिल गई सागर मे, हुई सब एक है

## • પ્રાર્થના •

हर देश में तू हर वेश मे तू
तेरे नाम अनेक तू एक ही है।
तेरी रंगभूमि यह विधभरी
सब खेल मे मेल मे तू ही तो है

सागर से उठा बादल बनके
बादल से गीरा जल हो करके
झिर नहर बनी नदिये
तेरे भिन्न स्वरुप तू एक ही है

मीट्टि से अणु परमाणु बन
सब जीव जगत का रुप लिया
कहीं पर्वत वृक्ष विशाल बना
सौंदर्य तेरा तू एक ही है

यह दिव्य दिखाया है सबने
वह है गुरुदेव की पुण्य कृपा
तू क्या है और न कोई दिखा
बस मैं और तू सब एक ही है स

ओ कुण बीजे बाजरो ए बादरी
ओ कुण बीजे मोढ मेवा भिसरी

सुरंगी रूत आई म्हारा देश में

भलेरी रूत आई म्हारा देश में

रामजी बीजे बाजरो ए बादरी
कान्हु बीजे मोढ मेवा मिसरी

कांकड़ में मोरया नाचेला

कोयलडी म्हाने गीत सुनावेला

हरिया हरिया खेत सुहाना
बाजर चढ़ियो निदान मोरा रामा

મૂલ્યાંકન

- **આંતરિક મૂલ્યાકનઃ**

| વિભાગ | કલા | મૂલ્યાકના મૂદા | કુલ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|---|
| દશ્યકલા | ચિત્રકલા | ચિત્રપોથી | 10 | |
| | | મુલાકાત | 02 | |
| | | પ્રોજેક્ટ કાર્ય | 03 | |
| | હસ્તકલા | બનાવેલ નમૂના | 07 | |
| | | પ્રોજેક્ટકાર્ય | 03 | |
| પ્રદર્શિત કલા | સંગીત – નૃત્ય – નાટ્યકલા | પ્રાર્થનાસભામાં ભાગીદારી બાળગીત / ભજન | 08 | |
| | | અભિનયગીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગીદારી | 07 | |
| | | પ્રોજેક્ટ કાર્ય | 03 | |
| | | શૈક્ષણિક નાટકમાં ભાગીદારી | 07 | |
| કુલ ગુણ | | | 50 | |

- નોંધઃ બાહ્યમૂલ્યાંકન પરીક્ષક સમક્ષ આ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન પત્રક રજુ કરવાનું રહેશે.

- **બાહ્યમૂલ્યાંકન:**
  - **પ્રાયોગિક**

| | | | |
|---|---|---|---|
| **1** | કલાશિક્ષણ (ચિત્રકામ) (બાહ્ય) | અભ્યાસક્રમ આધારિત કોઈપણ બે ચિત્રો (**25** + **25**)<br>કુલ ગુણ | **50** |

નોંધ :

(**1**) પ્રશિક્ષણાર્થીએ બંને વર્ષ દરમ્યાન અભ્યાસક્રમમાં સમાવિષ્ટ પ્રાયોગિક ચિત્રકામની ફાઈલ પરીક્ષા સમયે પરીક્ષક સમક્ષ રજૂ કરવાની રહેશે.

(**2**) એક ચિત્ર માટે મહત્તમ સમયમર્યાદા **2** કલાકની રહેશે.

(**3**) પ્રજ્ઞાચક્ષુ પ્રશિક્ષણાર્થીઓના કિસ્સામાં મૌખિક પરીક્ષા દ્વારા મૂલ્યાંકન કરવાનું રહેશે.

| **2** | કલાશિક્ષણ (સંગીત) (બાહ્ય) | **મૂલ્યાંકન માટેના મુદ્દા** | **ગુણ** |
|---|---|---|---|
| | | **1**. બાલગીત તથા જોડકણાં ગાન | **10** |
| | | **2**. તાલની રમત | **10** |
| | | **3**. અભિનયગીત | **10** |
| | | **4**. કાવ્ય ગાન–પઠન | **10** |
| | | **5**. ગીત સાથે વાદ્ય સંગીત | **10** |
| | | કુલ ગુણ | **50** |

**નોંધ :** પ્રશિક્ષણાર્થીએ વર્ષ દરમ્યાન તૈયાર કરેલ સંગીતપોથી પરીક્ષા સમયે પરીક્ષક સમક્ષ રજૂ કરવાની રહેશે.

- લેખિત:

| | | |
|---|---|---|
| કોર્સ–**8** | સર્જનાત્મક નાટકો, લલિતકલાઓ, ક્રાફ્ટ અને મૂલ્યાંકન – 1 | 50 |

## સંદર્ભ સાહિત્ય


1. ચિત્રકલા જાતે શીખો – બાગરૂ માર્કન્ડેય, ઈન પ્રકાશન
2. ધરતીના ચિત્રકાર – ખોડીદાસ પરમાર, ગુજરાત લોકકલા ફાઉન્ડેશન
3. કલાયાત્રી – નટુ પરીખ
4. કલાગુરુ રસિકલાલ પરીખ – ઉર્મિ પરીખ
5. કલાનો ઈતિહાસ – રાજ્ય શિક્ષણ ભવન
6. મૂઠી ઊંચેરાં ગુજરાતીઓ – રજની વ્યાસ
7. ગુજરાતની અસ્મિતા – રજની વ્યાસ
8. આદિવાસી લોકસાંસ્કૃતિક વારસો – માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય
9. ગુજરાતની લોકસાંસ્કૃતિક વિરાસત – જોરાવરસિંહ જાદવ
10. ચિત્રકલા – હરીપ્રસાદ જાની
11. સમાજ–ઉપયોગી ઉત્પાદન કાર્ય – શિક્ષક નિદર્શિની (ધોરણ 1થી7) રાજ્ય શિક્ષણ ભવન, રાયખડ, અમદાવાદ
12. શિક્ષણની રાષ્ટ્રીય નીતિ – 19886, રાજ્ય શિક્ષણ ભવન, રાયખડ, અમદાવાદ
13. નાના ગૃહઉદ્યોગો – જગતપાલ રામસરનદાસ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગાંધીનગર
14. જીવન શિક્ષણ માહે મે–જૂન 1999, જીસીઈઆરટી, ગાંધીનગર
15. ક્ષમતાદીપ – ધોરણ 1નું તાલીમ મૉડ્યુલ (વર્ષ 2000) જીસીઈઆરટી, ગાંધીનગર
16. શાળા તત્પરતા પ્રવૃત્તિ પુસ્તિકા, જીસીઈઆરટી, ગાંધીનગર
17. તરંગ ઉલ્લાસમય અભ્યાસ (શિક્ષક માર્ગદર્શિકા) 1995, જીસીઈઆરટી, ગાંધીનગર
18. कार्यानुभव की शिक्षा डॉ. सत्यपाल रुहेला और डॉ. देवेन्द्र
19. Work and Education NCERT, New Delhi. Position Paper, NCF 2005
20. Heritage Crafts – Position Paper, NCERT, New Delhi
21. સમાજ–ઉપયોગી ઉત્પાદન કાર્ય માર્ગદર્શિકા ધોરણ 5થી 7, વર્ષ 2005–06, ડાયટ મહેસાણા.
22. કાર્યાનુભવ – શિક્ષક આવૃત્તિ ધોરણ 1થી 8, વર્ષ 2012–12, જીસીઈઆરટી, ગાંધીનગર
23. Arts, Music, Dance and Theatre (NCF 2005), Position Paper, NCERT, New Delhi.
24. નાટ્યકલા શિક્ષણ પાઠ્યક્રમ આધારિત નાટકો, સંપાદન ડૉ. વિપિન હિમાણી અને ડૉ. વિજય સેવક : સેન્ટર ફૉર ઍજ્યુકેશન, સીટીઈ, વી. ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઓફ ઍજ્યુકેશન, સુરત
25. જવનિકા – કનૈયાલાલ જોષી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

26. રંગમંચ એક શાળા (ભાગ–2) દોલતભાઈ દેસાઈ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
27. ચાલો નાટક ભજવીએ – ડૉ. વિજય સેવક, સાર્થક રંગમંચ, સુરત
28. બાળનાટકની બારાખડી – ડૉ. વિજય સેવક
29. ગુજરાતી વિશ્વકોશ (ખંડ 10) પ્રથમ સંપાદક : ડૉ. ધીરુભાઈ ઠાકર, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ
30. The Cambridge guide to world theatre, Ed. by Martin Banham, Published by the Press syndicate at the University of Cambridge.
31. અમેરિકન નાટક – શ્રી ચંદ્રવદન સી. મહેતા – યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
32. યુરોપના દેશોની નાટ્યસૃષ્ટિ – શ્રી ચંદ્રવદન મહેતા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
33. નાટક લેખન – શ્રી ધનંજય ઠાકર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
34. ભવાઈ, નર્તન અને સંગીત – ડૉ. કૃષ્ણકાંત કડકિયા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ
35. સંગીતશાસ્ત્ર – હસુ યાજ્ઞિક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
36. સંગીત પ્રવેશ અને હાર્મોનિયમ શીખો – અમુભાઈ દોશી અને મુક્તાબેન વૈદ્ય
37. ગમતાં ગાઓ ગીત – સંપાદક હીરજીભાઈ નાકરાણી અને શ્રીમતી બીના જે ભટ્ટ, પ્રવિણ પ્રકાશન, અમદાવાદ
38. સૂર સમાગમ – વિમલકુમાર મોહનલાલ ધામી, સર્વોદય મુદ્રણાલય, અમદાવાદ
39. સિતારવાદન – શ્રી શશિકાંત ગુંદાણી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
40. બંસરીવાદન – હસુ યાજ્ઞિક, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
41. આપણાં સંગીતરત્નો – પ્રતિભા બકુલ જોષીપુરા, કુસુમ પ્રકાશન, અમદાવાદ
42. ચિત્રકલા : ધોરણ–9 થી 12, ગુ.રા.શા.પા.પુ.મં., ગાંધીનગર
43. ચિત્રકલા જાતે શીખો, યોજક : બાગુરુ માર્કન્ડેય, અનુ. રજની વ્યાસ – જય પંચોલી
44. ચિત્રકલા 1 અને 2, પ્રયોજક : હરિપ્રસાદ જાની
45. પ્રારંભિક માટીકામ, લેખક – આલેખક : જયંત બી. શુકલ, બાલગોવિંદ પ્રકાશન
46. Living craft Traditions of India, NCERT, New Delhi
47. Exploring the Craft Tradition of India, NCERT, New Delhi
48. Craft Tradition of India Past, Present and Future, NCERT, New Delhi
49. ગુજરાતી વિશ્વકોષ

50. ગુજરાતની અસ્મિતા
51. શેરીમાં શિક્ષણ (મન્વિતા બારાળી, બિનોય આચાર્ય)
52. ધોરણ 9 થી 12 સંગીતનું પાઠયપુસ્તક (ગુ.રા.શા.પા.પુ. મંડળ, ગાંધીનગર)
53. બાલસૃષ્ટિ
54. રાષ્ટ્રીય ભાષાઓં કે ગીત (CCRT)

## દ્વિતીય વર્ષ

## કોર્સઃ 8 સર્જનાત્મ નાટકો, લલિતકલાઓ, ક્રાફ્ટ અને મૂલ્યાંકન – 2

**વિચાર પ્રેરક પ્રશ્નો:–**

1. તમે એક ચિત્ર દોરવા માગો છો તો તમને શાની શાની જરૂર પડશે?
2. ચિત્ર માં પથ્થરિયો રંગ પુરવા શું કરવું પડે?
3. તમે સરસ મજાનું ચિત્ર બનાવી રહ્યા છો તમારે એકદમ શાંત ચિત્ર જોઈએ છે તો તમે કેવા રંગો પસંદ કરશો? શા માટે?
4. તમારી પાસે મેગેઝિન/ન્યૂઝ પેપરનાં રંગીન કાગળો નકામા પડ્યા છે તો તેનો ઉપયોગ કરી કયો કલાત્મક નમૂનો તૈયાર કરશો? શા માટે?
5. તમારા અનુભવમાં આવેલી કોઈ એક ગ્રાન્ટકલાની જાણકારી આપી તે તમને શા માટે ગમી તે જણાવો.
6. તમે ગામના લોકોમાં સફાઈ અંગે જાગૃતિ કેળવવા શું કરશો?
7. ટોપીવાળો ફેરિયો વાર્તા અસરકારક રીતે બાળકો સમક્ષ રજૂ કરવા તમે શું કરશો?
8. ભારતીય પરંપરામાં મેળાઓ નું વિશેષ મહત્ત્વ છે આ મેળામાં કેવા કેવા પ્રકારની પ્રવૃત્તિઓ થતી જોવા મળે છે? તેમાંથી તમને કઈ પ્રવૃત્તિ વધારે ગમે? શા માટે?

નોંધઃ મોડ્યુલ આધારિત આ વિચારપ્રેરક પ્રશ્નો ઉદાહરણ પૂરતાં આપેલાં છે .
અધ્યાપકશ્રીઓએ આ પ્રશ્નોનો આધાર લઇ બીજા પ્રશ્નો બનાવી વિદ્યાર્થીઓને મહાવરો કરાવવો .